જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૯-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

છત્તીસગઢમાં રાહુલ ગાંધીએ મોટી જાહેરાત કરતા ભાજપ ચિંતિત

સત્તામાં આવીશું તો ગરીબ લોકોને ન્યૂનતમ રકમની ગેરન્ટી : રાહુલ



રાયપુર,

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે એક મોટી જાહેરાત છત્તીસગઢમાં કરીને ભાજપની ઉંઘ હરામ કરી દીધી હતી. રાહુલ ગાંધીએ વચન આપ્યું છે કે, જો ૨૦૧૯માં કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો દરેક ગરીબને લઘુત્તમ આવકની ગેરંટી આપવામાં આવશે. રાહુલે કહ્યું હતું કે, આ એક ઐતિહાસિક પગલું છે. આનાથી ગરીબી અને ભુખમરાને ખતમ કરવામાં મદદ મળશે. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદી અને ભાજપ બે ભારત બનાવવા માટે ઇચ્છુક છે. નવા રાયપુરમાં ખેડૂત રેલીને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, જે રીતે કોંગ્રેસ પાર્ટીએ મનરેગામાં ૧૦૦ દિવસ માટે રોજગારી ગેરંટી આપી હતી. માહિતીના અધિકારમાં ગેરંટી સાથે બ્યુરોક્રેસીના દરવાજા ખુલ્યા હતા. ભોજનના અધિકારની ગેરંટી આપી હતી તેવી જ રીતે હવે ન્યુનતમ ગેરંટી નાણાની પણ આપવામાં આવશે. મોદી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપ અને દેશના વડાપ્રધાન બે ભારત બનાવવા ઇચ્છુક છે. એક રાફેલ કૌભાંડ અને ઉદ્યોગપતિઓના મિત્રોનું ભારત અને અન્ય ગરીબ ખેડૂતોનું ભારત બનાવવા ઇચ્છુક છે. પાક વિમા યોજના ઉપર પ્રશ્નો ઉઠાવતા રાહુલે કહ્યું હતું કે, ખેડૂત પોતાના પૈસા વિમા કંપનીને આપે છે અને કમોસમી વરસાદની સ્થિતિમાં તેના પૈસા મળતા નથી. અનિલ અંબાણીને પુરતા પૈસા મળી જાય છે. લોન માફી યોજનાનો વિરોધ કરતા રાહુલે કહ્યું હતું કે, અમે વિપક્ષમાં છીએ ત્યારે પણ ખેડૂતોની લોન માફીની વાત કરીએ છીએ. સરકારમાં જ્યારે પુછવામાં આવે છે ત્યારે જવાબ મળે છે પૈસા નથી. ભારતના ચોકીદારની પાસે છત્તીસગઢના ખેડૂતો માટે ૬૦૦૦ કરોડ રૂપિયા નથી પરંતુ અનિલ અંબાણી માટે ૩૦૦૦૦ કરોડ રૂપિયા છે.

ન્યુનતમ આવકની ગેરંટી એક પ્રકારથી યુનિવર્સલ બેઝિક ઇન્કમ સ્કીમ છે. આ સ્કીમ હેઠળ સરકાર દેશના ગરીબોને કોઇપણ શરત વગર એક ચોક્કસ રકમ આપે છે. આનો મતલબ એ થયો કે, જો યોજના અમલી બનશે તો સરકારને દેશના દરેક ગરીબ નાગરિકને એક ચોક્કસ રકમ ચોક્કસ અંતર પર આપવી પડશે.

દરિયાઇ માર્ગ મારફતે હુમલા કરવા આતંકવાદીઓની તૈયારી

નવી દિલ્હી

કાશ્મીરમાં ત્રાસવાદીઓને ઘુસણખોર કરાવવા માટેના નાપાક પ્રયાસોની સાથે સાથે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇ ત્રાસવાદીઓને હવે દરિયાઇ માર્ગ મારફતે હુમલા કરવા માટેની તાલીમ પણ આપ રહી હોવાના ચોંકાવનારા અહેવાલ મળ્યા છે. ઇન્ટેલિજન્સ એજન્સીઓને હાથ લાગેલા ચોક્કસ ઇનપુટમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇ ત્રાસવાદીઓ અને પાકિસ્તાની ઘુસણખોરોને સ્વિમિંગ અને ડીપ ડાઇવિંગની ટ્રેનિંગ પણ આપી રહી છે. સાથે સાથે કાશ્મીરમાં સુરક્ષા દળોનો સામનો કરવા માટે ખાસ તાલીમ આપવામાં આવી રહી છે. કાશ્મીરમાં ત્રાસવાદીઓ સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને બ્લાસ્ટ પણ કરી શકે છે. આ પ્રકારની ગુપ્ત માહિતી હાથ લાગ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સાથે સાથે સુરક્ષા દળોને વધારે એલર્ટ કરવામાં આવ્યા છે. ઇન્ટેલિજન્સ ઇનપુટ મુજબ ત્રાસવાદીઓ જેલમાં રહેલા એક ખતરનાક ત્રાસવાદીને છોડાવવા માટે યોજના બનાવી રહ્યા છે. ઇન્ટેલિજન્સ સંસ્થાઓએ ચેતવણી આપતા કહ્યુ છે કે ત્રાસપવાદીઓ દરિયાઇ માર્ગનો ઉપયોગ કરીને હુમલા કરી શકે છે. ક્રિક વિસ્તારમાં પાકિસ્તાન મરીન ત્રાસવાદીઓને ખતરનાક તાલીમ આપવામાં વ્યસ્ત છે. ટેકનોલોજીનો ઉપયોગ કઇ રીતે કરવામાં આવે તે અંગે પણ ટ્રેનિંગ આપવામાં આવી રહી છે.

અમે કોઈનેય છેડતા નથી પરંતુ છેડવામાં આવે તો છોડતા નથી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં આયોજિત નેશનલ કેડેટ કોર્પ્સ રેલીમાં ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ મોદીએ એનસીસી કેડેટને સંબોધન કર્યું હતું. પોતાના ભાષણની શરૂઆતમાં મોદીએ કહ્યું હતું કે જ્યારે તેઓ તેમની સાથે વાતચીત કરી રહ્યા છે ત્યારે કેટલાક ભૂતકાળની યાદો તાજી થઇ જાય છે. મોદીએ કહ્યું હતું કે, અમારી સેનાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, અમે કોઇને છેડતા નથી પરંતુ કોઇના દ્વારા છેડવામાં આવે તો અમે છોડતા પણ નથી. મોદીએ કહ્યું હતું કે, અમારી સેના શાંતિની દિશામાં કામ કરી રહી છે પરંતુ દેશની સુરક્ષામાં કોઇપણ પગલા લેવામાં ખચકાટ અનુભવ કરતા નથી. આજ કારણ છે કે, છેલ્લા સાડા ચાર વર્ષના ગાળામાં દેશની સુરક્ષાને સર્વોપરિતા તરીકે માનીને અનેક મહત્વપૂર્ણ પગલા લેવામાં આવ્યા છે. ભારત આજે દુનિયાના દેશોમાં મજબૂતી સાથે છે. જમીન, આકાશ અને દરિયામાં તેની તાકાત અને કગણી વધી છે. યુદ્ધવિમાનો, આધુનિક તોપ અને અન્ય સમજૂતિ કરવામાં આવી છે. દેશમાં પણ મિસાઇલોથી લઇને ટેંક, દારુગોળા અને હેલિકોપ્ટરનું નિર્માણ થઇ રહ્યું છે. નોર્થઇસ્ટ માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. એનસીસી કેડેટ્સની મોદીએ ભરપૂર પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, પરિશ્રમ કરવાના સારા પરિણામ મળે છે. આ બાબતને સમજવા માટે વધારે દૂર જવાની જરૂર નથી. હાલમાં જ અનેક સાથીઓએ ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી છે. ટ્રેકિંગ, પર્વતારોહણ જેવા ક્ષેત્રોમાં મોટી સફળતા મેળવી છે. એથ્લેટિક્સના ક્ષેત્રમાં પણ મોટી સફળતાઓ મળી છે. તેમણે કહ્યું હતું કે, ભારત એવા દેશોમાં સામેલ છે જે કોઇપણ હથિયારનો ઉપયોગ કરી શકે છે.

બજેટમાં મધ્યમ વર્ગ માટે ટેક્સ રાહતો જાહેર કરવા માટે તૈયારી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પહેલી ફેબ્રુઆરીના દિવસે વચગાળાનું બજેટ રજૂ કરવા જઇ રહી છે. સરકારે સંકેત આપ્યા છે કે, આ બજેટને સંપૂર્ણ બજેટ તરીકે રજૂ કરવામાં આવનાર છે. જો કે, આ બજેટમાં લેવામાં આવનાર પગલાને લઇને નવી ચર્ચા છેડાઇ ગઇ છે. આ બજેટમાં શ્રેણીબદ્ધ ટેક્સ રાહતો અને સાથે સાથે ખેડૂતોને મુશ્કેલીમાંથી બહાર કાઢવાના વિવિધ પગલા જાહેર થઇ શકે છે. નરેન્દ્ર મોદી સરકાર સામાન્ય ચૂંટણી પહેલા અંતિમ બજેટ વર્તમાન અવધિમાં રજૂ કરવા જઇ રહી છે. આ બજેટમાં બીજી ઇનિંગ્સમાં આવવાના પ્રયાસો પણ કરવામાં આવશે. વોટ ઓન એકાઉન્ટ કરતા વચગાળાનું બજેટ વિશેષ રહે તેમ નિષ્ણાતો માની રહ્યા છે. અગાઉના નાણામંત્રીઓ પ્રણવ મુખર્જી અને પી ચિદમ્બરમ દ્વારા પણ જે દાખલા બેસાડવામાં આવ્યા હતા તે દાખલા મુજબ જ વર્તમાન સરકાર પણ આગળ વધી શકે છે. પ્રણવ અને ચિદમ્બરમે પણ તેમના બજેટના ભાગરુપે ટેક્સ પગલાઓ રજૂ કરવાથી ખચકાટ અનુભવ કર્યો ન હતો. વર્તમાન સરકાર દ્વારા આ છઠ્ઠુ બજેટ રજૂ કરવામાં આવનાર છે જેમાં મધ્ય વર્ગ માટે ટેક્સ રાહતો જાહેર કરાશે. સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની તકલીફો દૂર કરવા ઉપર ધ્યાન અપાશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

ZAVERI

MARKET4U

BHARUCH - SURAT

market4u.in

7575006850

ZAVERI

MARKET4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. ગ્રાહકતામાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જ્યારે, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગાર દ્વારા મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ગ્રાહકતામાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ગ્રાહકતામાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-


સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદ મહર્ષિ ગુરુકુળ ખાતે SSC અને HSC બોર્ડ પરીક્ષા નુ ડેમોસ્ટેશન યોજાયુ



મહર્ષિ ગુરુકુળ અને નવનિર્માણ વિદ્યાલય નુ સંયુક્ત આયોજન

હળવદ મહર્ષિ ગુરુકુળ ખાતે ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ ની આબેહુબ મોકડ્રિલ પરીક્ષા લેવામા આવી જેમા વિધ્યાર્થીઓ ને બોર્ડ ની પરીક્ષા મા થતી પ્રોસેસ થી વાકેપ કરાવ્યા ધોરણ ૧૦ ના ૪૦૭ અને ધોરણ ૧૨ના ૨૧૩ વિધ્યાર્થી એ ભાગ લીધો હતો.

હળવદ મહર્ષિ ગુરુકુળ ખાતે બોર્ડની પરીક્ષા ની પ્રોસેસ નો અનુભવ થાય અને બોર્ડ ની પરીક્ષા સમયે વિધ્યાર્થી નો ભય દુરથાય તે હેતુથી મહર્ષિ ગુરુકુળ અને નવનિર્માણ વિદ્યાલય નુ સંયુક્ત બોર્ડ પ્રી પરીક્ષા નુ આયોજન કરવામા આવ્યુ જેમા ધો.૧૦ના ૪૦૭ અને ધો.૧૨ના ૨૧૩ વિધ્યાર્થીઓ એ ભાગ લીધો પરીક્ષા શરુ કરતા પુર્વે વિધ્યાર્થી ને લલાટે કુમકુમ તીલક કરી મો મીઠુ કરાવીયુ ત્યાર બાદ રીસીપ ચેક કરી ક્લાસ મા ક્રમાંક પ્રમાણે પરીક્ષા માટે બેસાડવામાં આવ્યા સાથો સાથ પ્રશ્નનપત્ર.જવાબવહિ ઁસ્ઈ જી ઊૅઈઈ્.પુરવણી.હોલ ટીકીટ.ખાખી સ્ટીકર.બારકોડ સ્ટીકર વગેરે ની બોર્ડમા જે મહત્વની પ્રોસેસ હોયસે તેનો પ્રક્ટીકલ અનુ ભવ કરાવ્યો આબેહુબ બોર્ડની પરીક્ષા જેવા વાતાવરણમા વિધ્યાર્થીઓ એ પરીક્ષા શરુ કરી હતી ચાલુ પરીક્ષા એ ફુલાઈંગ સ્કોર્ડ તેમજ સ્કોડ ની પણ અલગ અલગ ટીમો બનાવામાંઆવી જેમા જીલ્લા શિક્ષણ અધિકાર .તાલુકા શિક્ષણ અધિકાર. જીલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ.શાળા કોલેજના આચાર્યો ને સપ્રાઈજ ચેકિંગ માટે આમંત્રણ આપવામા આવ્યુ હતુ સાથો સાથ મહર્ષિ ગુરુકુળ તેમજ નવનિર્માણ વિદ્યાલય ના ૪૫ જેટલા શિક્ષકો દ્વારા સુપ્રિટેન્ડન્ટ.સ્થળસંમાલક.ફ્લોર હેડ. સુપરવાઈઝર.રીલીવર જેવી અલગ અલગ ટીમો બનાવી બોર્ડ પરીક્ષા ની તમામ પ્રોસેસ થી માહિતગાર કરવામા આવ્યા મહર્ષિ ગુરુકુળ ના સંચાલક રજનીભાઈ સંઘાણી એ વધુમા જણાવ્યુ કે બોર્ડ પરીક્ષા મા વિધ્યાર્થીમા ઘણોબધો ભય હોયસે તેથી પરીક્ષા મા તેના પરીણામ પર અસર પળતી હોયસે પરંતુ જો વિધ્યાર્થી ને અગાવથી પ્રોસેસ થી માહિતગાર હોય તો તેનો પરીક્ષા વખતે સમયનો વેળફાળ ન થાય અને વિધ્યાર્થી નો ભય પણ દુરથાય તે હેતુ થી અમારો આ નવો પ્રયાસ હતો આ મોકડ્રિલ પરીક્ષા ના આયોજન ને મહર્ષિ ગુરુકુળ તેમજ નવનિર્માણ વિદ્યાલય ના શિક્ષકો દ્વારા સફળ બનાવામાં આવ્યુ હતુ

અલીગઢ મુસ્લિમ યુનિ.માં મુસ્લિમ શબ્દને કારણે અનેક લોકો અસહજતા અનુભવે છે

આગ્રા

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી(એએમયુ)ના નામ બદલવાની માંગ ફરી તેજ થઈ છે. અલીગઢના ભાજપના સાંસદ સતીશ ગૌતમે જણાવ્યું હતું કે, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં મુસ્લિમ શબ્દને કારણે અનેક લોકો અસહજતા અનુભવે છે, તેથી લગભગ એક સદી જૂની આ યુનિવર્સિટીનું નામ બદલી નાખવું જોઈએ. તેમણે સૂચવ્યું કે, તેને અલીગઢ યુનિવર્સિટી નામ આપવું યોગ્ય રહેશે.

તેમણે જ્યારે પ્રશ્ન કરવામાં આવ્યો કે, શું કાશી વિશ્વવિદ્યાલયનું નામ પણ બદલી નાખવું જોઈએ. આ વાત પર ગૌતમે જણાવ્યું હતું કે, આ હિન્દુ રાષ્ટ્ર છે અને બીએચયુથી હિન્દુ શબ્દ હટાવવાનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી. નોંધનીય છે કે, ગૌતમ હંમેશા એએમયુ અંગે નિવેદન આપતા રહે છે. તેમણે એએમયુમાં લગાવવામાં આવેલા જિન્નાના ફોટા હટાવવાની પણ માંગ કરી હતી. તેઓ એએમયુને આતંકવાદીઓની પાઠશાળા પણ ગણાવી ચૂક્યા છે. ગૌતમે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના પ્રતિનિધિ હોવાને લીધે આ મારી ફરજ છે કે જ્યારે કોઈ વસ્તુ ખોટી હોય તો તેના વિરુદ્ધ અવાજ ઉઠાવો. જે મુદ્દા રાષ્ટ્ર સાથે જોડાયેલા છે તે મુદ્દા પર હું ક્યોરેય શાંત રહીશ નહી. હું એ માનસિકતાની વિરુદ્ધ છું જે ત્યાં છે. હું યુનિવર્સિટીની વિરુદ્ધ નથી.

કર્ણાટકના ભાજપ સાંસદનું વિવાદિત નિવેદન

હિન્દુ યુવતિનો હાથ પકડનારના હાથ બચવા જોઈએ નહીંઃ અનંત હેગડે

જો આપણે સૂતા રહીશું તો આપણા બધા ઘરના નામ મંજિલ થઈ જશે,સીતાને પણ બીબી કહેવાનો વારો આવશે

બેંગ્લુરુ

લોકસભા ચૂંટણી આવતાની સાથે જ ભાજપના બેડામાંથી વિવાદિત ટીપ્પણીઓની મૌસમ પણ પૂરબહારમાં ખીલી છે. પ્રિયંકા ગાંધીની રાજનીતિમાં એન્ટ્રીની સાથે ભાજપના નેતાઓ બેફામ નિવેદનો આપવા લાગ્યા છે. તો બીજી તરફ કર્ણાટકમાંથી એક એવું નિવેદન આવ્યું છે જેના કારણે ભાજપને લોકસભા ચૂંટણી પહેલા ભોગવવાનો વારો આવી શકે છે. આ વિવાદિત નિવેદન આપનારા કર્ણાટકના ભાજપના સાંસદ અનંત હેગડે છે.

પોતાનાં નિવેદનોને કારણે ઘણી વખત ચર્ચામાં રહેતા કેન્દ્રના પ્રધાન અને બીજેપીના નેતા અનંત હેગડેએ ફરીથી વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જો કોઈ હિંદુ છોકરીને સ્પર્શ કરે તો તેના હાથ રહેવા ન જોઈએ. સાથે સાથે તેમણે અગ્રાનાં તાજમહલને લઈને પણ અજીબો-ગરીબ વાતો કરી હતી.

તેમણે કહ્યું કે શાહજહાએ પોતાની જીવનીમાં કહ્યું કે તેઓએ આ જમીન રાજા જયસિમા પાસેથી લીધી હતી અને એક શિવ મંદિર છે કે જેને રાજા પરમતિર્થએ બનાવ્યું હતું, જેના નામ તેજો મહાલય હતું. એનું નામ બદલીને તાજમહેલ કરી નાખ્યું. જો આપણે સુતા રહીશું તો આપણા બધા ઘરના નામ મંજિલ પર થઈ જશે. ભવિષ્યમાં ભગવાનને જહાંપનાહ અને સીતાને બીબી કહેવાનો વારો આવશે.

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ મંત્રી અનંતકુમારે આગળ કહ્યું કે 'એક વ્યક્તિ કે જે હિન્દુ કન્યાઓને સ્પર્શ કરે છે, તેમના હાથ રહેવા ન જોઈએ. ઈતિહાસ તમે એ જ રીતે લખી શકો છો, જ્યાં તમે ઈતિહાસ લખો તો તમારી અંદર સાહસ આવે છે, જ્યાં તમે ઈતિહાસ વાંચતા હોવ તો તમારા મનમાં ડરની ભાવનાઓ આવે છે, હવે તમે નક્કી કરો કે તમે ઈતિહાસ લખવા માંગો છો કે ઈતિહાસ વાંચવા માંગો છો.

લોકસભા ચૂંટણીમાં ભાજપ-શિવસેના ૨૪-૨૪ બેઠક પર ચૂંટણી લડે તેવી સંભાવના

બિહાર બાદ મહારાષ્ટ્રમાં પણ ભાજપની શરણાગતિ..!!

૨૦૧૪માં શિવસેના ૨૨ અને ભાજપ ૨૬ બેઠક પર ચૂંટણી લડ્યુ હતુ

ન્યુ દિલ્હી/મુંબઈ

મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેના સામે ભાજપ જુકી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપ અને શિવસેના વચ્ચે લોકસભાની ચૂંટણીમાં બેઠક માટે ૫૦-૫૦નો ફોર્મુલા નક્કી કરવામાં આવ્યો છે. ફોર્મુલા મુજબ શિવસેના અને ભાજપ રાજ્યની ૨૪-૨૪ બેઠક પર ચૂંટણી લડશે. હાલ મહારાષ્ટ્રમાં લોકસભાની કુલ ૪૮ બેઠક છે. ૨૦૧૪માં શિવસેના ૨૨ અને ભાજપ ૨૬ બેઠક પર ચૂંટણી લડ્યુ હતું.

૨૦૧૪ના ગણિતને ધ્યાનમાં લેવામાં આવે તો શિવસેના સામે ભાજપ બેકફૂટ પર આવી ગઈ છે. કેમ કે, ભાજપને ૨૦૧૪ કરતા બે બેઠકની નુકસાની થવાની છે. શિવસેના પાલઘર અને હાતકણંગલે બેઠકની માગ કરી રહી છે.

પરંતુ પાલઘર બેઠક ભાજપની પરંપરાગત બેઠક રહેલી છે. તાજેતરમાં કરવામાં આવેલા સર્વે મુજબ મહારાષ્ટ્રની કુલ ૪૮ બેઠકમાંથી એનડીએને ૨૦ અને યુપીએને ૨૮ બેઠક મળી શકે છે. ભાજપને ૧૬ અને શિવસેનાને ૪ બેઠક મળવાનુ અનુમાન છે. જ્યારે કોંગ્રેસને ૧૯ અને એનસીપીને નવ બેઠક મળવાનું અનુમાન છે.

કોંગ્રેસ પાર્ટી દ્વારા ચૂંટણીની તૈયારી શરૂ કરાઇ

ત્રણ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી લોકસભા સાથે થશે

નવી દિલ્હી

કોંગ્રેસ પાર્ટીએ લોકસભાની ચૂંટણીની સાથે જ ત્રણ રાજ્યોમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને લઈને તૈયારી હાથ ધરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપ શાસિત રાજ્યો મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી લોકસભાની ચૂંટણી સાથે જ યોજાનાર છે. પાર્ટીને લાગે છે કે એપ્રિલ-મે મહિનામાં યોજાનાર લોકસભાની ચૂંટણી દરમિયાન જ આ ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની અવધિ આ વર્ષના અંતમાં પૂર્ણ થઈ રહી છે. કોંગ્રેસની કેન્દ્રિય નેતાગીરી અને રાજ્ય કમિટીઓ લોકસભા ચૂંટણીની સાથે સાથે રાજ્ય વિધાનસભાની ચૂંટણીને લઈને રણનિતી બનાવવામાં લાગી ગઈ છે. મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં સમય પહેલા વિધાનસભાની ચૂંટણી યોજાય છે તો પાર્ટી દ્વારા આકસ્મિક યોજના પર પણ કામગીરી શરૂ કરી રહી છે. કોંગ્રેસ છાવણી માને છે કે હરિયાણા અને મહારાષ્ટ્રમાં ભાજપના સામીકરણ અને કેટલીક મજબુરી નિર્ધારિત સમય કરતા પહેલા ચૂંટણી યોજવા માટે સંકેત આપે છે. જો કે કેન્દ્ર સરકાર અને ભાજપ દ્વારા આ સંબંધમાં હજુ કોઇ વાત કરવામાં આવી નથી. કોંગ્રેસી નેતાઓ માને છે કે હરિયાણામાં મનોહર લાલ ખટ્ટર સરકાર ઓક્ટોબરમાં યોજાનાર ચૂંટણીમાં પૂર્ણ તાકાત સાથે ઉતરી શકે તેવી સ્થિતીમાં નથી. જેથી ભાજપ ત્યાં લોકસભાની ચૂંટણીની સાથે જ વિધાનસભાની ચૂંટણી કરાવી શકે છે. હરિયાણા કોંગ્રેસના અધ્યક્ષ અશોક તવરે કહ્યુ છે કે રાજ્યની પ્રજા કેન્દ્રની મોદી સરકાર અને રાજ્યની ભાજપ સરકારને ઉંખાડી ફેંકવા માટે ઇચ્છુક છે. આના માટે ચૂંટણીની રાહ જોવામાં આવી રહી છે. ચૂંટણી આવતાની સાથે જ પ્રજા સરકારને બોધપાઠ ભણાવશે. કોંગ્રેસ પાર્ટીએ હાલમાં ત્રણ રાજ્યોમાં શાનદાર જીત મેળવી હતી.

દર બે કલાકમાં એક કિશોરની છેડતીમાં ધરપકડ

ભારતમાં દર ચાર કલાકમાં રેપ કેસમાં કિશોરની ધરપકડ

બેંગલોર

છેલ્લા ત્રણ વર્ષથી ભારતમાં ગુનાઓના પ્રમાણમાં ચિંતાજનક ચિત્ર સપાટી પર આવ્યુ છે. જેમાં જણાવવામાં આવ્યુ છે કે ભારતમાં દરેક ચાર કલાકમાં એક કિશોર રેપના કેસમાં પકડાઇ જાય છે. આ આરોપમાં ઝડપાયેલા કિશોરોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે દરેક બે કલાકમાં એક કિશોર કોઇ મહિલાની સાથે છેડતી અને રેપના પ્રયાસના આરોપસર ઝડપાઇ જાય છે. આટલા જ ગાળામાં પાંચ કિશોર પર સંગીન આરોપો પણ મુકવામાં આવે છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં કહેવામાં આવ્યુ છે કે રેપના કેસમાં મોટી સંખ્યામાં કિશોર વયનાની પણ ધરપકડ કરવામાં આવી રહી છે. દરેક બે કલાકમાં એક કિશોર આ રીતે ઝડપાય છે. ૧૬૨૭ કિશોરની ધરપકડ છેડતીના આરોપમાં કરવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ રેપ મામલે ઝડપાઇ ગયેલા કિશોરની સંખ્યા એક સમાન રહી છે. દરેક ચાર કલાકમાં રેપના મામલે એકની ધરપકડ કરવામાં આવી રહી છે.

પહેલી જાન્યુઆરી ૨૦૧૪થી લઈને ૩૧મી ડિસેમ્બર ૨૦૧૮ સુધી રેપના આરોપમાં ૭૫૦૦થી વધારે કિશોરની ધરપકડ કરવામાં આવી હતી. અલબત્ત મહિલાઓ સાથે છેડતીના મામલે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૨૦૧૮માં વધારો થયો હતો. દરેક બે કલાકમાં એકની ધરપકડ કરવામાં આવી રહી છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૪થી લઈને ૩૧મી ડિસેમ્બર ૨૦૧૮ વચ્ચે કુલ ૫૫૦૦થી વધારે મામલા દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮માં પણ યુવતિઓ અને મહિલાઓ સામે છેડતી અને રેપના કેસ વધ્યા હતા.

લોકસભા ચૂંટણી વહેલી થવાના સંકેત, વિગતો મોકલવા તમામ રાજ્યોને આદેશ

૨૮ ફેબ્રુઆરી પહેલાં તમામ બદલીઓ પૂર્ણ કરી દેવા ચૂંટણી પંચનો રાજ્યોને આદેશ

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ને લઈને અનેક અટકળો ઉઠી રહી છે ત્યારે ચૂંટણી પંચે વહેલી ચૂંટણી થવાના સંકેત આપ્યા છે. ચૂંટણી પંચ દ્વારા તમામ રાજ્યોને આ મામલે આદેશ કરાયા છે અને ૨૮ ફેબ્રુઆરી પહેલા વિગતો મોકલી આપવા આદેશ કરાયો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. તમામ રાજ્યોમાં ઉચ્ચ અધિકારીઓની જો બદલી કરવાની હોય તો એ ૨૮ પહેલા પૂર્ણ કરી દેવા સુચના આપવામાં આવી છે.

મોદી સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે આગામી માર્ચ એપ્રિલમાં યોજાનાર લોકસભાની ચૂંટણી પર સૌની નજર મંડાઈ છે. સત્તા ટકાવી રાખવા ભાજપ માટે તો સત્તા મેળવવા માટે કોંગ્રેસ છાવણીમાં એડીથી ચોટીનું જોર લગાવાઈ રહ્યું છે. લોકસભાની ચૂંટણી સમયસર યોજાશે કે વહેલા યોજાશે એ અત્યારે ચર્ચાનો મુદ્દો બન્યો છે. આ સંજોગોમાં ચૂંટણી પંચ દ્વારા વહેલી ચૂંટણી યોજવા અંગે વધુ એક સંકેત આપ્યો છે.

ચૂંટણી પંચ દ્વારા આ મામલે તમામ રાજ્યોને આદેશ આપવામાં આવ્યા છે કે જો રાજ્યમાં ઉચ્ચ અધિકારીઓની બદલી કરવાની થતી હોય તો એ તમામ કાર્યવાહી ૨૮ ફેબ્રુઆરી પહેલા પૂર્ણ કરી દેવી અને તમામ વિગતો ચૂંટણી પંચને મોકલી આપવી.

ચૂંટણી બજેટ આગામી સરકાર માટે આફત બની શકે : રિપોર્ટ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ભલે ફરી એકવાર વચગાળાના બજેટના બદલે પૂર્ણ બજેટ રજૂ કરવાના સંકેત આપી રહી છે પરંતુ તેના માટે પણ આ બજેટમાં આફત સમાન બની શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ખર્ચાળ યોજનાઓને અમલી કરવામાં મુશ્કેલી આવી શકે છે. વર્તમાન બજેટ આગામી સરકાર માટે આફત સમાન સાબિત થઈ શકે છે.કેન્દ્રિય બજેટમાંથી એક ચતુર્થાશ રકમ અને રાજસ્વ આવક પૈકી આશરે ૪૦ ટકા રકમ તો જુની લોનના વ્યાજની ચુકવણીમાં જ ખર્ચ થઈ જશે. તેમ છતાં જો સરકાર આ મર્યાદાઓને પાર કરીને ચૂંટણીને ધ્યાનમાં લઈને જો કોઈ મોટી યોજનાઓને અમલી કરવાની જાહેરાત કરશે તો આ ચૂંટણી બાદ આવનાર સરકાર માટે મુશ્કેલી ઉભી થશે. કારણ કે બજેટને અમલી કરવાનુ કામ નવી સરકારનુ રહે છે. વ્યાજની મોટી રકમના કારણે સરકાર માટે બજેટમાં મોટી યોજનાઓ માટે રકમની ફાળવણી કરવાની બાબત મુશ્કેલરૂપ થઈ જાય છે. ચૂંટણી બજેટમાં આ અડચણ મોદી સરકારને વધારે હેરાન કરી શકે છે. કેન્દ્ર સરકારે છેલ્લા બજેટમાં ૧૪.૮૦ લાખ કરોડથી વધારેની રકમ માટે રાજસ્વનો અંદાજ મુક્યો હતો. આ રાજસ્વ પૈકી આશરે ૪૦ ટકા રકમ તો લોન ભરપાઇમાં ખર્ચ થઈ જાય છે. આવી સ્થિતીમાં જો વર્તમાન સરકાર પોતાના અંતિમ બજેટમાં લોનની મર્યાદા તોડીને જો લોકપ્રિય યોજના જાહેર કરે છે તો તેની અસર આગામી સરકારના બજેટ પર પડશે. કારણ કે આ વધી ગયેલી રકમ બજેટમાં જોડાઇ જશે. આવી સ્થિતીમાં જો મોદીના નેતૃત્વમાં ફરી સરકાર બનશે તો આ સમસ્યા તેના માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. ગયા વર્ષે નાણાંપ્રધાન અરૂણ જેટલએ વર્ષ ૨૦૧૮-૧૯ માટે લોનની મર્યાદા ૬.૨૪ લાખ રૂપિયા નક્કી કરી હતી. એમ છતાં નાણાંકીય વર્ષના આઠ મહિનાના ગાળામાં જ સરકાર આ મર્યાદા કરતા ૧૫ ટકા વધારે લોન લઇ ચુકી છે. નાણાંકીય વર્ષ દરમિયાન તેમાં પાંચ ટકાનો વધારો થશે.

IRCTC ટેન્ડર કૌભાંડમાં લાલુને જામીન, રાબડી-તેજસ્વીને પણ રાહત

ન્યુ દિલ્હી

દિલ્હીની પતિયાલા હાઉસ કોર્ટે આઇઆરસીટીસી ટેન્ડર ગોટાળામાં લાલુ પરિવારને રાહત આપી છે. કોર્ટે બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુપ્રસાદ યાદવ, તેમનાં પત્ની રાબડીદેવી, તેજસ્વી યાદવ સહિત અન્ય આરોપીઓને જામીન આપ્યા છે. પતિયાલા હાઉસ કોર્ટે લાલુ યાદવ, રાબડીદેવી અને તેજસ્વી સહિત ત્રણેયને રૂ.એક લાખના બોન્ડ અને જાત મુચરકા પર નિયમિત જામીન મંજૂર કર્યા છે. આ કેસની આગામી સુનાવણી ૧૧ ફેબ્રુઆરીએ યોજાશે. હાલ લાલુ યાદવનો રાંચી સ્થિત રિમ્સમાં ઇલાજ ચાલી રહ્યો છે. સીબીઆઇ અને ઇડીએ આઇઆરસીટીસી ગોટાળામાં લાલુ અને તેમના પરિવારના સભ્યો વિરુદ્ધ મની લોન્ડરિંગના આરોપસર કેસ દાખલ કર્યા હતા. આ કેસમાં પૂર્વ કેન્દ્રીય પ્રધાન પ્રેમચંદ ગુપ્તા, તેમનાં પત્ની સરલા ગુપ્તા, આઇઆરસીટીસીના તત્કાલીન એમડી બી.કે.અગ્રવાલ અને તત્કાલીન ડાયરેકટર રાકેશ સક્સેનાને પણ નિયમિત જામીન આપવામાં આવ્યા છે. નિયમિત જામીન મળ્યા બાદ તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે અમને ન્યાય મળશે, ન્યાયતંત્ર પર સંપૂર્ણ ભરોસો છે. લાલુપ્રસાદ યાદવ વિરુદ્ધ એવો આરોપ હતો કે તેમણે રેલવે પ્રધાન તરીકે આઇઆરસીટીસીની બે હોટલ કહેવાતી એક ખાનગી કંપનીને આપી દીધી હતી અને આ ડીલમાં નાણાકીય ગોટાળા થયાનો આરોપ હતો.

રાહુલ અને પ્રિયંકા ગાંધી મળીને ૧ અને ૧૧ થઈ ગયા

૨૦૧૯નું વર્ષ રાહુલ ગાંધી માટે ફળદાયી રહેશે અને ૫૬ ઈંચની છાતી ૨૬ની થઈ જશેઃ સિદ્ધુ

ચંડીગઢ

પંજાબના કેબિનેટ મંત્રી અને કોંગ્રેસના નેતા નવજોત સિંહ સિદ્ધુએ કહ્યું કે પ્રિયંકા ગાંધીના રાજકારણમાં આગમનથી કોંગ્રેસમાં જબરદસ્ત જોશ છે. રાહુલ અને પ્રિયંકા ગાંધી મળીને ૧ અને ૧૧ થઈ ગયા છે અને ભાજપ હવે 'નૌ દો ગ્યારહ' થઈ જશે. કોંગ્રેસના નેતાએ સંપૂર્ણ આશા અને આત્મવિશ્વાસ સાથે કહ્યું કે વર્ષ ૨૦૧૯ રાહુલ ગાંધીનું હશે અને ૫૬ ઈંચની છાતી ૨૬ની થઈ જશે.

કરતારપુર સાહેબ અંગે મુદ્દો ઉઠાવતા સિદ્ધુએ કહ્યું કે પાકિસ્તાનના સૈનિકો પણ મૃત્યુ પામી રહ્યા છે અને આપણા પણ તેથી આવી ડિપ્લોમેસી બંધ કરી દેવી જોઈએ. તેમણે બંને દેશો વચ્ચે શાંતિની વકાલત કરી અને કહ્યું કે અમનથી જ મામલો ઉકેલાશે. ત્યારબાદ સિદ્ધુએ પૂછ્યું કે વડાપ્રધાન આખરે પાકિસ્તાન કેમ ગયા હતા. ભાજપ પર નિશાન સાધતા તેમણે જણાવ્યું કે જે પાર્ટી કહેતી હતી કે તેઓ ૨૦૦ બેઠકો પર જીત હાંસિલ કરશે, તેઓ આઈસીયુમાં પડેલી મળશે. પોતાના અધ્યક્ષની પ્રશંસામાં સિદ્ધુએ કહ્યું કે રાહુલ ગાંધી લીડર છે. બિહારના મંત્રી અને અન્ય ભાજપના નેતાઓએ પ્રિયંકા ગાંધીને લઈને આપેલા આપત્તિજનક નિવેદન પર નવોજત સિંહ સિદ્ધુએ કહ્યું કે તેમના માટે આ જ કહેવામાં માગુ છું કે જો ચંદ્ર પર થુકશો તો થુક પાછી તમારી ઉપર જ પડશે, અને આ વાતોથી પ્રિયંકા ગાંધી અથવા કોંગ્રેસને કોઈ ફરક નથી પડતો.

સુરતના કાપડના વેપારી સાથે ૯.૭૬ લાખની ઠગાઈ કરાઈ

કેરળ, મુંબઈ અને દિલ્હીના ૧૦ વેપારીઓ સામે ફરિયાદ

સુરત

કેરલા, દિલ્હી, મુંબઈના ૧૦ વેપારીઓએ સુરતની કાપડ વેપારી સામે રૂા. ૯,૭૬ લાખની ઠગાઈ કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ અન્નપૂર્ણા ટેક્ષટાઈલ્સ માર્કેટમાં કલર ફેશન્સ નામની દુકાન ધરાવતા અજય લોકરામ શર્માએ આરોપી આફતાબ કરીબ, સઈનુલ આબીદ, હસન નુરૂલ, પીટર જોસેફ, સુરેશ ગોપીનાથ, (ગ્રાફિટી વેન્ચર્સ, કોમી, કેરલા), સચીન ખુરાના (ગણેશ ટેક્ષટાઈલ્સ દિલ્હી), રાકેશ અગ્રવાલ (દલાલ કાનપૂર) રિઝવાન (આર.એફ. ગારમેન્ટ મુંબઈ), ભરતભાઈ એસ.એસ. એટીયાર, અંધેરી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા ૯,૭૬,૨૮૨ની કિંમતનો કાપડનો જથ્થા મંગાવી સમયમર્યાદામાં પેમેન્ટ નહીં કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મ.પ્રદેશ સરકારના કેબિનેટ મંત્રી સજ્જનસિંહનું વિવાદાસ્પદ નિવેદન

ભાજપ પાસે સુંદર ચહેરા નથી, એટલે હેમા માલિનીને નચાવતા ફરે છે

ભોપાલ

મધ્યપ્રદેશની કમલનાથ સરકારના કેબિનેટ મંત્રી સજ્જન સિંહ વર્માએ વિવદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, બીજેપીનું દુર્ભાગ્ય છે કે, તેમની પાર્ટીમાં ખરાબ ચહેરાઓ જ છે. એવા ચહેરા જેમને લોકો નાપસંદ કરે છે. એક હેમા માલિની છે, જેમને જ્યાં-ત્યાં શાસ્ત્રીય નૃત્ય કરાવતા રહે છે, વોટ કમાવવાની કોશિસ કરતા રહે છે. બીજેપી પાસે ચિકના ચહેરા નથી.

તમને જણાવી દઈએ કે, મંત્રી સજ્જન સિંહ વર્માએ બીજેપીના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીના તે નિવેદન પર આ પલટવાર કર્યો છે, જેમાં બીજેપીના નેતાએ કહ્યું હતું કે, અગામી લોકસભા ચૂંટણીમાં ઉતારવા માટે કોંગ્રેસ પાસે આત્મ વિશ્વાસની અછત છે, જેથી તે ચોકલેટી ચહેરાના ભરોસે ચૂંટણી લડવા જઈ રહી છે.

એટલું જ નહી, મંત્રી સજ્જન સિંહ વર્માએ આગળ કહ્યું કે, મારુ એવું કહેવું છે કે, માનવ ઈશ્વરની આપેલી ભેટ છે. અરે વખાણ કરો કે ઈશ્વરે પ્રિયંકા ગાંધીને આટલા સુંદર બનાવ્યા છે, જેમનામાં મમત્વ અને સ્નેહ ટપેકે છે. આવા શબ્દોનો પ્રયોગ કરી બીજેપી અને કૈલાશ જી પોતાની ગરીમા નેવે મુકી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ગાંધીએ સક્રિય રાજનીતિમાં એન્ટ્રી મારી છે. ત્યારબાદ પૂરા દેશમાં પ્રતિક્રિયાઓ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસે પ્રિયંકા ગાંધી વાડ્રાની પૂર્વ ઉત્તર પ્રદેશની મહાસચિવ તરીકે નિયુક્તિ કરી છે. તે ફેબ્રુઆરીના પહેલા અઠવાડીયામાં આ પદ સંભાળશે.

પોંજી કૌભાંડઃ ટીએમસી સાંસદ ડીકે સિંહની ૨૩૮ કરોડની સંપત્તિ જપ્ત

કોલકાત્તા

પોંજી કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પશ્ચિમ બંગાળની સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કેડી સિંહની ૨૩૮ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. પોંજી કોભાંડમાં ટીએમસી નેતાની સામેલગીરીને લઈને ઈડીએ હિમાચલ, ચંડીગઢ અને હરિયાણામાં ઘણી જગ્યાઓ પર દરોડા પાડ્યા છે. ઈડીએ હિમાચલના કુફરીમાં ટીએમસી સાંસદના રિસોર્ટ, ચંડીગઢમાં તેમના શોરૂમ અને હરિયાણામાં તેમની ઘણી સંપત્તિઓ અને બેંક એકાઉન્ટ્સ સીઝ કરવામાં આવ્યા છે.

આ પહેલા ૧૧ નવેમ્બર ૨૦૧૮ ના કર્ણાટકના પૂર્વ મંત્રી અને ખનન ઉદ્યોગપતિ જી જનાર્દન રેડ્ડીનું પોંજી કૌભાંડ મામલે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે પોંજી કૌભાંડ મામલે રેડ્ડીથી પૂછપરછ કરી હતી. એડિશનલ પોલીસ કમિશનર (ગુના) આલોક કુમારે તેની જાણકારી આપી હતી.

કુમારે જણાવ્યું હતું કે રેડ્ડી ૧૦ નવેમ્બરે કેન્દ્રીય ગુના શાખા (સીસીબી)ના કાર્યાલય પહોંચ્યા હતા. રવિવારની સવારે પૂછપરછ સમાપ્ત થયા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે સીસીબીએ આ મામલે રેડ્ડીના વિશ્વસનીય ભાગીદાર અલી ખાનની પણ ધરપકડ કરી લીધી છે.

કથિત રીત પર ફરાર રેડ્ડી તેમના વકીલોની સાથે પોલીસની સમક્ષ હાજર થયા હતા. તેમણે દાવો કર્યો કે તેમની સામે જે પણ આરોપ લાગવવામાં આવ્યા છે તે 'રાજકીય ષડયંત્ર'નો ભાગ છે.

રાહુલે રંગ બદલવામાં કાચિંડાને પણ પાછળ દીધોઃ સાક્ષી મહારાજ

ઉન્નાવ

ઉન્નાવથી ભાજપના સાંસદ સાક્ષી મહારાજે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની સરખામણી કાચીંડા સાથે કરી છે. તેમણે કહ્યું કે રંગ બદલવામાં રાહુલ ગાંધીએ કાચીંડાને પણ પાછળ છોડી દીધો છે. ઉલ્લેખનીય છે કે, સાક્ષી મહારાજ પ્રિયંકા અને રાહુલ ગાંધીના કુંભ સ્નાન પર પૂછેલા સવાલનો જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસ અધ્યક્ષ ક્યારેક જનોઈ ધારી પંડિત બની જાય છે તો ક્યારેક શિવ ભક્ત તો ક્યારેક કંઈક બીજું જ કરવા લાગે છે. તેમણે કહ્યું કે હવે રાહુલ ગાંધી અને તેમની કોંગ્રેસ સમજી ગઈ છે કે જે હિંદુ હિતની વાત કરશે, તે જ દેશ પર રાજ કરશે. માટે ભેષ બદલી રહ્યા છે.

રામ મંદિ પર યોગી આદિત્યનાથના નિવેદન પર સાક્ષી મહારાજે કહ્યું કે યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યના મુખ્યમંત્રી છે. આના માટે તેમની વાનર સેના જ કી છે. ૨૪ કલાકમાં રામ મંદિરનું નિર્માણ થઈ જશે. જણાવી દઈએ કે, સીએમ યોગી આદિત્યનાથે નિવેદન આપ્યું હતું કે ૨૪ કલાકમાં રામ મંદિરની સમસ્યાનું સમાધાન થઈ જશે.

રાફેલ ડીલની ઑડિયો ક્લિપ ખોટી હતી તો એફઆઈઆર કેમ ન થઈઃ રાહુલ ગાંધી

દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાફેલ ડીલને લઈને મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલે ટ્વીટ કર્યું કે,રાફેલ મામલે ગોવામાં ૩૦ દિવસ પહેલાં ઓડિયો ટેપ જાહેર થઈ હતી. આ મામલે હજુ સુધી કોઈ FIR કે તપાસના આદેશ કેમ આપવામાં નથી આવ્યા કે મંત્રી વિરૂદ્ધ પણ કોઈ કાર્યવાહી કેમ કરવામાં આવી નથી. કોંગ્રેસે ૨ જાન્યુઆરીએ રાફેલ ડીલ મામલે એક ઓડિયો ક્લિપ જાહેર કરી હતી. કોંગ્રેસનો દાવો હતો કે આ ક્લિપ ગોવા સરકારના મંત્રી વિશ્વજીત રાણેની હતી. કોંગ્રેસના દાવા મુજબ, ક્લિપમાં રાણે કોઈને જણાવી રહ્યાં હતા કે રાફેલ સાથે જોડાયેલી તમામ ફાઈલ પૂર્વ રક્ષા મંત્રી અને ગોવાના મુખ્યમંત્રી મનોહર પર્રિકરના બેડરૂમમાં છે.

રાણે સાથે જોડાયેલાં એક સમાચારને રીટ્વિટ કરતાં રાહુલે લખ્યું કે, ×એ તો પાક્કું છે કે ઓડિયો ટેપ અસલી છે. ગોવાના મુખ્યમંત્રી મનોહર પર્રિકરની પાસે રાફેલ પર ધમાકેદાર ગુપ્ત જાણકારીઓ છે, જે વડાપ્રધાનની તુલનાએ તેમને તાકાતવર બનાવે છે.×

ઓડિયો ક્લિપ જાહેર થયાં બાદ વિશ્વજીત રાણેએ સ્પષ્ટતા પણ કરી હતી. તેને કહ્યું હતું કે, ×માં આ મામલે ક્યારેય કોઈ સાથે વાત નથી કરી. હું કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયો તેથી જ મારા પર નિશાન તાકવામા આવે છે.

નવાગામ ડીંડોલીમાં દારૂના ધંધાની અદાવતમાં બુટલેગરો વચ્ચે ખૂની ખેલ

૧૩ લોકોએ ઘાતક શસ્ત્રોથી પીરવાર પર હુમલો કર્યો : એકનું મોત

સુરત

ડીંડોલીમાં બુટેગરો બેફામ બન્યાં. જૂની અદાવતમાં તે જણાંએ ઘાતક હથિયારો સાથે એક પરિવાર ઉપર તૂટી પડયા હતા. આ હુમલામાં એકનું મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રે ૯.૩૦ કલાકે રાજુ ઉર્ફે વાલ્મિક ઉર્ફે નીતિન પાટીલ, રાહુલ બટકો મહાજન, સંદીપ શેરસિંગ ઠાકુર, સાગર, સાગર ચોર કદમ, પપ્પી ઉર્ફે મનીષ વિનાયક પાટીલ, છોટુનો સાળો આનંદ, કિશોર પાટીલ તથા અન્યોએ ઘાતક શસ્ત્રો સાથે નવાગામ ડીંડોલી બીલીયાનગર પાસે ધસી ગયા હતા. અને ભૂષણ બંસીલાલ પાટીલના પરિવાર ઉપર હુમલો કરી ભૂષણ પાટીલ, ભૂષણાની બહેન, બનેવી વિનોદ ઉપર જીવલેણ ઘા ઝીંક્યાં હતા. આ હુમલામાં ફરિયાદીના બનેવી વિનોદને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મૃત્યુ થયું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એકાદ વર્ષ પહેલાં દારૂના ધંધા બાબતે આ બન્ને જૂથ વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવતમાં રિઢા બૂટલેગરોએ સશસ્ત્ર હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં ડીંડોલી પોલીસે ઘટના સ્થળે ધસી જઈ તપાસ હાથ ધરી હતી. ડીંડોલી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.







તંત્રી સ્થાનેથી...

સાવચેતીના જરૂરી છે

આપે એ કહેવત તો સાંભળી જ હશે કે પ્રિવેન્શન ઈઝ બેટર દેન ક્યોર. સીધા શબ્દોમાં સમજવામાં આવે તો આનો અર્થ એ છે કે જીવનમાં સાવધાની ખુબ જ જરૂરી છે. શરીરના મામલે તો આ કહેવત વધારે યોગ્ય છે. કારણ કે સાવધાની રાખીને કેટલાક રોગથી બચી શકાય છે. સાથે સાથે દવા પર આત્મનિર્ભરતા ઘટી શકે છે. વાત જ્યારે પ્રિવેન્ટિવ કેરની આવે છે ત્યારે લોકોને લાગે છે કે આના કારણે ખિસ્સા પર બોજ વધી શકે છે. પરંતુ પ્રિવેન્ટિવ કેર પર ખર્ચ કરવાની સ્થિતીમાં પૂર્ણ ખર્ચ અને સંભવિત તકલીફથી બચી શકાય છે. આના કારણે પર્ણ આરોગ્ય સંભાળ પર ખર્ચ ઘટી જાય છે. આજના દોરમાં લાઈફ ફાસ્ટ બની ચુકી છે. જીવનમાં ગુણવત્તાની તરફ વધવાનો અર્થ એ નમતી કે આરોગ્ય સાથે બાંધછોડ કરવામાં આવે. અમે અમારી લાઈફમાં વ્યસ્ત રહીએ છીએ. જીવનમાં તમામ બાબતો યોગ્ય દિશામાં આગળ વધે છે. એકાએક બ્રેક વાગી જાય છે. આવી સ્થિતીમાં લાઈફ દવા પર આધારિત બની જાય છે. બિમારીને કઈ રીતે દુર રાખી શકાય છે તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. જાણકાર તબીબ કહે છે કે વ્યસ્ત લાઈફમાં થોડાક બ્રેક લેવામાં આવે તે જરૂરી છે. જે લોકો ૮થી ૧૦ કલાક સુધી કામ કરે છે તે લોકો ડેસ્ક પર ખાવા પીવાની બાબત પસંદ કરે છે. આના કારણે દાંત, પીઠ અને કમરની તકલીફ થઈ જાય છે. હાર્ટની બિમારી પણ થઈ જાય છે. મેટ્રો શહેરોમાં સ્ટ્રેસ લેવલ વધારે હોય છે. જેથી આરોગ્યને ફિટ રાખવા માટે તબીબોની મદદ સતત લેવામાં આવે છે. ફિટ અને સ્વસ્થ રહેવા માટે શહેરોમાં રહેતા લોકો નિયમિત રીતે ચેક અપ કરાવતા રહે તે જરૂરી છે. આ ઉપરાંત દરેક કલાકમાં ફળ અને પાણીનો ઉપયોગ કરવામાં આવે તો પણ સીધો લાભ શરીરને થાય છે. કામથી થોડાક બ્રેકની જરૂર હોય છે. બ્રિથિગ એક્સરસાઈઝની પણ શરીરને જરૂર હોય છે. મસલ્સને સ્ટ્રેસ કરવામાં આવે તે જરૂરી હોય છે. તબીબો કહે છે કે પ્રિવેન્ટિવ કેરનો અર્થ છે કે પોતાને ફિટ રાખવા માટે તમે સાવધાન છો. પોતાની હેલ્થ પર ધ્યાન રાખવામાં આવે તે સમયની માંગ છે. આ દિશામાં કોઈ પણ પહેલ કરવાથી લાભ તો એકંદરે તમને જ થનાર છે. બિમારી અનેક છે. વય વધતાની સાથે સાથે શરીર કમજોર થાય છે. પરંતુ જ્યારે શરીર અને વય મુજબ આપ શરીરની કાળજી રાખો છો ત્યારે વધારે સમય સુધી ફિટ અને ફાઈન રહી શકાય છે. આજના દોરમાં જુદા જુદા પ્રયોગો પર આધારિત રહેવા માટે કહેવામાં આવે છે. આ ચીજો મૌસમ મુજબ સ્વસ્થ રાખવામાં ઉપયોગી સાબિત થાય છે . ફિટ અને સ્વસ્થ રહેવા માટે નિયમિત રીતે યોગ, કસરત , વોકિંગ, ડાન્સિંગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે સ્ટ્રેસ ઘટે છે. વિશ્વ આરોગ્ય દિવસની હાલમાં વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે આરોગ્યને લઈને માહિતી આપવામાં આવે છે. જનજાગૃતિના કાર્યક્રમ થાય છે. જો કે સારી બાબત એ છે કે પ્રિવેન્ટિવ કેર રાખવાથી આરોગ્યને સ્વસ્થ રાખી શકાય છે. કેટલીક બિમારીથી પણ બચી શકાય છે.

પ્રિવેન્ટિવ કેર લાઈફમાં ખુબ જ જરૂરી છે આના કારણે ઘણી બિમારીને ટાળી શકાય

લોકો ૩ મિનિટ કસરત કરે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે. વૈજ્ઞાનિકોએ નવા અભ્યાસમાં કહ્યું છે કે સ્થૂળતાને ઘટાડવા માટે જીમમાં કલાકો સુધી ગાળવાની કોઈ જરૂર નથી. એક સપ્તાહમાં માત્ર ત્રણ મિનીટ કસરત કરીને પણ વજન ઉતારી શકાય છે. વજન ઉતારવા અને સ્થૂળતાને ઘટાડવા માટે નવી પેઢી જુદા જુદા તરીકાઓ અપનાવે છે પરંતુ આધુનિક સમયની લાઈફ સ્ટાઈલના કારણે આ બાબત શક્ય બનતી નથી. આવી સ્થિતિમાં સ્થૂળ અને વધુ વજન ધરાવતા લોકો વારંવાર તબીબોની સલાહ લેતા હોય છે. મોટાભાગના લોકો જીમમાં વધારે સમય ગાળે છે પરંતુ નવા અભ્યાસ મુજબ માત્ર ત્રણ મિનીટની કસરત પણ વજન ઉતારવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ફેટને બર્ન કરવામાં ત્રણ મિનીટની કસરત પૂરતી સાબિત થઈ શકે છે. આ ટૂંકાગાળાની કસરતને એક અલગ જ નામ વૈજ્ઞાનિકો આપી રહ્યા છે. બ્રિટનની નોટિંગમ યુનિવર્સિટીએ કહ્યું છે કે એક સપ્તાહમાં માત્ર ત્રણ મિનીટની કસરત પણ ફેટને બર્ન કરવામાં ખૂબ જ અસરકારક છે. દરરોજ વર્કઆઉટ કરવાના બદલે વ્યસ્ત લોકો સપ્તાહમાં એક વખત ત્રણ મિનીટની કસરત કરે તો પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે શારીરિક કસરત શરીરમાં સ્નાયુને મજબૂત કરવામાં જ ભૂમિકા અદા કરતી નથી પરંતુ લોહીના સર્ક્યુલેશનને વધારવામાં અને સુધારવામાં પણ તેની ભૂમિકા છે.

લોકસભા ચૂંટણી : ઉત્તરપ્રદેશમાં ખરાખરીનો જંગ ખેલાઈ શકે છે...

પ્રિયંકાની એન્ટ્રીથી ટક્કર વધુ રોચક



યુપીમાં પોતાના પ્રભુત્વને જાળવી રાખવા માટે ભાજપની સામે આ વખતે અનેક પડકારો : સપા-બસપા ગઠબંધન અને કોંગ્રેસ મુશ્કેલી સર્જશે

દેશની રાજનીતિમાં ઉત્તરપ્રદેશ સૌથી મહત્વપૂર્ણ છે. લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશની ભૂમિકા હમેંશા નિર્ણાયક રહે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ઉત્તરપ્રદેશમાં જે પાર્ટી વિજેતા થાય છે તે જ પાર્ટી કેન્દ્રમાં સરકાર બનાવી લેવામાં સફળ રહે છે. વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં પણ આ જ સ્થિતી રહેલ છે. જેથી અહીં જીત મેળવી લેવા માટે તમામ પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી છે. ચૂંટણીમાં આ વખતે ભાજપ માટે રસ્તો એટલો સરળ નથી. કારણ કે ભાજપની સામે સૌથી મોટી સમસ્યા આ વખતે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી એક સાથે આવવાથી થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશમાં બે સૌથી મોટા ક્ષેત્રીય પક્ષો એક સાથે આવતા ભાજપની સામે મોટી આફત આવી ગઈ છે. કારણ કે બંને પાર્ટી ભાજપને પરાજિત કરવાની યોજના ધરાવે છે. બીજી બાજુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ છેલ્લા નિર્ણાયક સમયમાં માસ્ટરસ્ટ્રોક રમીને પ્રિયંકા વાઢેરાને ઉત્તરપ્રદેશમાં મેદાનમાં ઉતારી દીધા છે. રાહુલે પ્રિયંકા વાઢેરાને મોટી જવાબદારી યુપીમાં સોંપી દીધી છે. વર્ષ ૨૦૧૯ની ચૂંટણી ઉત્તરપ્રદેશમાં સૌથી પડકારરૂપ અને રોમાંચક બનનાર છે. પ્રિયંકા ગાંધી મેદાનમાં ઉતરી જવાથી સ્થિતી વધારે બદલાઈ રહી છે. નવા સમીકરણના સંકેતો દેખાઈ રહ્યા છે. પ્રિયંકા મેદાનમાં આવવાથી કોંગ્રેસની સ્થિતી મજબુત બની શકે છે. જેથી હવે ભાજપ, કોંગ્રેસ અને બસપ-સપા વચ્ચે સીધી સ્પર્ધા છે. એંકદરે જોવામાં આવે તો લોકસભાની ૮૦ સીટો પર તમામ રાજકીય પક્ષોની નજર છે. આ વખતે સમાજવાદી પાર્ટી અને બસપ તમામ સીટો પર સાથે મળીને લડનાર છે. કોંગ્રેસ કેટલાક નાના પક્ષોની સાથે મળીને મેદાનમાં ઉતરનાર છે. ભાજપ પોતાના સાથીઓની સાથે મળીને ફરી એકવાર વિરોધીઓને પછડાટ આપવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. ભાજપ ફરી એકવાર પોતાના સાથી પક્ષોની સાથે મતભેદોને દુર કરીને મેદાનમાં ઉતરનાર છે. ભાજપના સાથી પક્ષ સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને યોગી સરકારમાં કેબિનેટ પ્રધાન ઓમપ્રકાશ રાજભર ભલે યુપી સરકાર પર પ્રહારો કરતા રહ્યા છે. જો કે તેઓ ભાજપની સાથે જ રહેનાર છે. ભાજપના વધુ એક સાથી પક્ષ અપના દળ પણ પાર્ટીની સાથે રહેનાર છે. વર્ષ ૨૦૧૪માં પણ લોકસભા ચૂંટણીમાં ભાજપ અને અપના દળના લોકો સાથે રહ્યા હતા. અપના દળને બે સીટો મળી હતી. ભાજપ પણ પોતાના સાથી પક્ષોને નારાજ કરવા માટે તૈયાર નથી. ભાજપના લોકો પણ સારી રીતે જાણે છે કે જો પાર્ટી નારાજ રહેશે તો નુકસાન તેને જ થનાર છે. આવી સ્થિતીમાં ભાજપ તેના સાથી પક્ષોની સાથે રહીને મેદાનમાં ઉતરવા માટે ઈચ્છુક છે. સાથી પક્ષોની જે પણ ફરિયાદો છે તેને સાથે મળીને દુર કરવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે. આ વખતે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી ભાજપ માટે ખુબ મુશ્કેલ છે. ભાજપને જો કોઈ પાર્ટી ટક્કર આપી શકે છે તો તે સપા-બસપા ગઠબંધન છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીમા પ્રિયંકા વાઢેરાની એન્ટ્રી થવાના કારણે તેની સ્થિતી પણ મજબુત બની શકે છે. ભાજપના નેતા ભલે એવા મોટા મોટા દાવા કરે કે કોંગ્રેસ પાર્ટીમાં પ્રિયંકા વાઢેરા ગાંધીની એન્ટ્રી થવાથ તેને કોઈ નુકસાન થશે નહીં પરંતુ તેની પરેશાની વધે તે બાબત તો નક્કી છે. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ હવે પોતાના દમ પર મેદાનમાં ઉતરી રહી છે. પ્રિયંકા વાઢેરાની કોંગ્રેસ પાર્ટીમાં એન્ટ્રી થઈ ગઈ છે. તેમને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આ વખતે કોંગ્રેસને ઉમેદવાર શોધી કાઢવામાં પણ વધારે તકલીફ રહેશે નહીં. પ્રિયંકા વાઢેરા ઉત્તરપ્રદેશમાં વિતેલા વર્ષોમાં પણ પ્રચાર કરતા રહ્યા છે. પ્રિયંકા વાઢેરાએ છેલ્લી ચૂંટણીમાં રાયબરેલી અને અમેઠી વિસ્તારમાં પ્રચારની જવાબદારી સંભાળી હતી. જો કે હવે તેમની સામે પણ પડકારો વધારે છે.કારણ કે તેમની પાસે પણ પૂર્વીય ઉત્તરપ્રદેશમાં પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટેની મોટી જવાબદારી છે. કારણકે કોંગ્રેસ પાર્ટી ભાજપ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી જેવી મોટી પાર્ટી વચ્ચે ખુબ ખરાબ હાલતમાં છે. પાર્ટીમાં નવેસરથી ધ્યાન આપવાની જરૂર છે. ઉત્તરપ્રદેશમાં રાજકીય દેખાવ પર તમામ પાર્ટી તમામ તાકાત લગાવી દેનાર છે. વડાપ્રધાન મોદી અને અમિત શાહ કામે લાગી ગયા છે.

લોકસભા ચૂંટણી : નવા સાથી પક્ષોની ભાજપ દ્વારા શોધખોળ...

તમિળનાડુમાં સ્થિતી સુધારવા કવાયત

તમિળનાડુ જેવા રાજ્યોમાં નવા પક્ષોને પોતાની સાથે લાવવા અને વિરોધી પાર્ટીના શક્તિશાળી નેતાઓને ખેંચવા માટેના પ્રયાસો શરૂ કરાયા



લોકસભા ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી તેની છાવણીમાં કેટલાક નવા પક્ષોને સામેલ કરવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. આમાં તેને સફળતા મળી શકે છે. કારણ કે આના માટેની તમામ પ્રકારની વાતચીતનો દોર ઉચ્ચસ્તર પર ચાલી રહ્યો છે. કોઈ પણ પ્રકારના જોખમ લીધા વગર ચૂંટણી મેદાનમાં ઉતરી જવાની તેની યોજના છે. પાર્ટીના લોકોના કહેવા મુજબ ભાજપ તમિળનાડુ જેવા દક્ષિણ ભારતના રાજ્યો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આના ભાગરૂપે તમિળનાડુમાં પાર્ટી દ્વારા નવા પક્ષોની શોધ ચાલી રહી છે. આ ઉપરાંત વિરોધી પાર્ટીના શક્તિશાળી નેતાઓને પોતાની તરફેણમાં કરવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વિરોધી પાર્ટીઓને લીડ લેતા રોકવા માટે ભાજપ દ્વારા પણ અંતિમ રણનિતી પર કામ ચાલી રહ્યુ છે. ભાજપના લોકોનુ કહેવુ છે કે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી એક સાથે આવ્યા બાદ પ્રિયંકા વાઢેરાની પણ એન્ટ્રી થઈ રહી છે. આવી સ્થિતીમાં ભારતીય જનતા પાર્ટીને ચોક્કસપણે ઉત્તરપ્રદેશમાં નુકસાન થનાર છે. આ નુકસાનની ભરપાઈ દક્ષિણી રાજ્યોમાં કરવા માટે પાર્ટી તમામ પાસા પર વિચારી રહી છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં પાર્ટી વધારે આક્રમક ઈરાદા સાથે મેદાનમાં ઉતરી રહી છે. તમિળનાડુમાં દિગ્ગજ નેતાઓ હવે રહ્યા નથી. જેથી તમામ ક્ષેત્રીય પાર્ટીના લોકો શક્તિશાળી તરીકે ઉભરી આવવા માટે સજજ છે. પાર્ટી નવા સાથીઓને લઈને મંથન કરી રહી છે. ભાજપના લોકો કહે છે કે એનડીએને મજબુત કરવા માટે પાર્ટી તમિળનાડુમાં ક્ષેત્રીય પાર્ટીની શોધ કરી રહી છે. તમિળનાડુમાં પાર્ટી કોઈ આધાર ધરાવતી નથી. આવી સ્થિતીમાં પાર્ટી એવા ઉમેદવાર પણ નજર રાખી રહી છે જે જીતી શકે છે. આવા ઉમેદવારને પાર્ટી પોતાન તરફેણમાં કરવા માટે ઈચ્છુક છે. જાણકાર લોકો કહે છે કે અન્નાદ્રમુકના બંને મોટા જુથની સાથે કેટલીક નાની પાર્ટીને પણ સાથે લઈ શકે છે. મહારાષ્ટ્રમાં શિવસેનાને મનાવી લેવાના પ્રયાસ પણ ચાલી રહ્યા છે. શિવ સેનાના લોકો છેલ્લા કેટલાક સમયથી ભાજપથી નારાજ છે. જેડીયુ બિહારમાં ભાજપની સાથે આવવાથી ચોક્કસપણે ફાયદો થનાર છે. ભારતીય જનતા પાર્ટીની સેન્ટ્રલ લીડરશીપની સાથે સાથે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ફડણવીસ શિવ સેનાના નેતા ઉદ્ધવ સાથે નિયમિત વાતચીત કરી રહ્યા છે. લોકસભા ચૂંટણી આડે કેટલાક મહિનાનો સમય રહ્યો છે ત્યારે હાલમાં જેટલા પણ સર્વે આવ્યા છે તેમાં ભાજપના નેતૃત્વમાં એનડીએને વર્ષ ૨૦૧૪ કરતા ખુબ ઓછી સીટ મળી રહી છે. અલબત્ત તે સરકાર બનાવવા અને સૌથી મોટા ગઠબંધન તરીકે ઉભરી આવવાની સ્થિતીમાં છે પરંતુ એકલા હાથે સરકાર બનાવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આવી સ્થિતમાં પહેલાથી જ આયોજન કરવામાં આવી રહ્યાછે. મોદીના નેતૃત્વમાં ફરી સરકાર બને તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ચૂંટણી નજીક આવશે ત્યારે હજુ પણ નવા સમીકરણ વિવિધ રાજ્યોમાં જોવા મળી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટી પ્રમુખ અમિત શાહની ચિંતા હાલના વિધાનસભા ચૂંટણી પરિણામથી વધી ગઈ છે. કારણ કે તેમના હાથમાંથી ત્રણ હિન્દી પટ્ટાના રાજ્યો નિકળી ગયા છે. જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢનો સમાવેશ થાય છે. અલબત્ત ત્રણેય રાજ્યો પૈકી રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની ખુબ જ સાંકડી હાર થઈ છે. આવી સ્થિતીમાં આ રાજ્યોમાં પાર્ટી લોકસભા ચૂંટણીમાં શાનદાર દેખાવ કરી શકે છે. કોંગ્રેસ પાર્ટી બહુમતિની નજીક પહોંચી શકી છે. જ્યારે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભારતીય જનતા પાર્ટી બહુમતિના આંકડાની બિલકુલ નજીક પહોંચીને સત્તાથી વંચિત રહી ગઈ છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં પાર્ટી તેની સ્થિતીને મજબુત કરવા માટેના તમામ પ્રયાસો કરી રહી છે. આના માટે વડાપ્રધાન મોદી પોતે લાગેલા છે. મોદી વારંવાર દક્ષિણ ભારતના રાજ્યોની મુલાકાત લઈ રહ્યા છે. મતદારોમાં પ્રભાવ જગાવવા માટે મોદી સતત પ્રયાસ કરી રહ્યા છે. તમિળનાડુ માટે કેટલીક કલ્યાણ યોજના પણ જાહેર કરવામાં આવી ચુકી છે. મોદી ઝંઝાવતી પ્રચાર કરી શકે છે.

પૂ.મહંત સ્વામી પ્રેરણાથી ૩૦,૦૦૦થી વધુ ભક્તો દ્વારા સામાજિક ક્રાંતિનો શંખનાદ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામીજીની દિવ્ય ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી

સુરત

સુરત શહેરની રોનક સમા અડાજણ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે પધારેલ પ. પૂ. મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં હજારો હરિભક્તો ભક્તિરસમાં તરબોળ થઈ રહ્યા છે. દરરોજ સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દર્શન અને વિવિધ કાર્યક્રમો દ્વારા હરિભક્તોના માનસપટ પર જીવનભરની સ્મૃતિઓ અંકિત થઈ રહી છે.

શનિવાર તા. ૨૬/૦૧/૨૦૧૯, પ્રજાસત્તાક દિનની વહેલી સવારે પ. પૂ. મહંતસ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં નાના-નાના બાળકોએ મધુરકંઠે કીર્તનગાન કર્યું હતું. ઉપરાંત વચનામૃત અને સહજાનંદ નામાવલીનો પાઠ રજુ કરીને પ. પૂ. સ્વામીશ્રીને રાજી કર્યા હતા. સૌ આ બાળકોની રજૂઆત જોયને મંત્રમુગ્ધ થયા હતા. ઉપરાંત ૭૦મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પણ ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. બાળકોએ ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતા વિવિધ લોક-નૃત્ય રજુ કર્યા હતા. ત્યારબાદ સાથે સૌના હૃદયમાં દેશ પ્રત્યેની અસ્મિતા જગાડે તેવી બેન્ડ અને પરેડની સાથે સ્વામીશ્રી અને સૌ ભક્તો રાષ્ટ્રગીતના ગાનમાં જોડાયા હતા. આવી ભવ્યતા સાથે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત બાળ-દિનની પણ ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત સાંજે ૫:૦૦ કલાકે એક વિશિષ્ટ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. "જેવા મેં નીરખ્યા રે" શીર્ષક હેઠળ આયોજિત આ સભામાં બાળકોએ પ. પૂ. મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વિવિધ પ્રસ્તુતિઓ રજુ કરી હતી. જેવા પરમહંસોએ શ્રીજી મહારાજને નીરખ્યા હતા એવા જ આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજને અમે નીરખીએ છીએ એ મધ્યવર્તી વિચાર સાથે ૩૦૦થી વધુ બાળકોએ આ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેમાં નૃત્ય, સંવાદ, ડાયરો, વક્તવ્ય, વગેરે રજુ થયું હતું. નાના-નાના બાળકોની સુંદર રજૂઆતો જોઈને સ્વામીશ્રી વિશેષ પ્રસન્ન થયા હતા. આ પ્રસંગે સ્વામીશ્રીએ આ બાળકો ઉપર અંતરના કૃપાશીષ વર્ષાવ્યા હતા. ૨૫,૦૦૦થી વધુ હરિભક્તોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

ગઈકાલે તા. ૨૭/૦૧/૨૦૧૯ના રોજ સવારે પ. પૂ. સ્વામીશ્રીની દિવ્ય પ્રાતઃપૂજાના દર્શન કરવા હજારો મુમુક્ષુઓ ઉમટી પડ્યા હતા. પ. પૂ. સ્વામીશ્રીએ આશીર્વચન આપતા કહ્યું હતું, "માયિક પદાર્થોમાં વૃતિ જાય તે ભગવાનના ભક્તને શોભે નહી. પરમેશ્વર વિના બીજે ઠેકાણે પ્રીતિ રાખવી નહી. નિયમ-આજ્ઞામાં રહે તો ભગવાનનો ખરો આનંદ રહે. અક્ષરધામની બે પંખો છે – અજ્ઞા અને ઉપાસના." ઉપરાંત સાંજે ૫:૦૦ કલાકે પ. પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી "ફૂંકવો છે શંખ મારે ક્રાંતિનો" શીર્ષક હેઠળ વિશિષ્ટ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્તમાનકાળે આધુનિકીકરણના કારણે સામાજીક રીતિરીવાજો અને પ્રણાલિકાઓમાં અનેક પરિવર્તનો આવ્યા છે જેમાં કેટલાક સુધારાની જરૂર છે. સમાજની આ વિષમતાઓ અને તેના સમાધાન વિષે એક અદભુત Talk Show રજુ થયો હતો. જેમાં સમાજમાં દેખાદેખીના કારણે થતા મોટા પ્રસંગો, ખર્ચાઓ અને તેના કારણે થતી સમસ્યાઓ વિષે ચિંતનાત્મક ચર્ચા થઈ હતી. સમાજના આવા અભિગમ સામે એક સામાજિક ક્રાંતિ લાવવા ઉપસ્થિત સૌ હરિભક્તો સંકલ્પબદ્ધ થયા હતા. કેવળ દેખાડો કરવા માટે આર્થિક બોજો વધારીને થતા મોટા પ્રસંગો સામે આ ક્રાંતિનો શંખનાદ કર્યો હતો. પ. પૂ. સ્વામીશ્રીએ આ પ્રસંગે રાજીપો વ્યક્ત કરતા સૌને અંતરના આશિષ પાઠવ્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના નેતૃત્વ હેઠળ સમાજ આ સુંદર પરિવર્તનના ફળનું આસ્વાદ મેળવશે.

રાષ્ટ્રીય કક્ષાના પેઈન્ટિંગ વર્કશોપમાં ગુજરાતમાંથી હિરાલાલ ગોહિલ સીલેક્ટ

૯ રાજ્યોના ચિત્રોમાંથી ગુજરાતને મળેલો ગોલ્ડ મેડલ

સુરત

હરિયાણાની સુપ્રસિદ્ધ સંસ્થા 'એક નજર આર્ટ ક્લબ ઓફ હરિયાણા' દ્વારા ગોવા ખાતે રાષ્ટ્રીય સ્તરના પેઈન્ટિંગ વર્કશોપનું અને પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના ૯ રાજ્યના ચિત્રકારોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાતમાંથી વિવિધ સ્પર્ધકોની સાથે હિરાલાલ ગોહિલની પસંદગી કરવામાં આવી હતી. તેમજ હિરાલાલ ગોહિલે પોતાની અદ્ભૂત પેઈન્ટિંગ થકી ૯ રાજ્યોના ચિત્રકાર પૈકી બેસ્ટ પેઈન્ટિંગનો ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર દેશમાં પેઈન્ટિંગ ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર હિરાલાલ આ સુવર્ણ સિદ્ધિથી ગુજરાતના તમામ ચિત્રકારોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

આ સ્પર્ધામાં ગુજરાતમાંથી પસંદગી પામેલા હિરાલાલ ગોહિલે પોતાની અદ્ભૂત અને લાઈવ પેઈન્ટિંગથી નિર્ણાયકો અને ઉપસ્થિત ચિત્ર રસીકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી પસંદગી પામેલા તમામ સ્પર્ધક ચિત્રકારોમાંથી હિરાલાલ ગોહિલે બાજી મારીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

લગ્ન નહીં કરેલો માતા-પિતાને કંઈક કરી નાખવાની ધમકી

વરાછામાં ઘરમાં ઘૂસી યુવક દ્વારા સગીર છોકરીની છેડતી

સુરત

વરાછામાં યુવકે ઘરમાં ઘૂસીને સગીરવયની કિશોરીને લગ્ન નહીં કરશે, તો મા-બાપને કંઈ કરી નાખવાની ધમકી આપી શારીરિક છેડછાડ કરી હોવાનો બનાવ વરાછા પોલીસ મથકે નોંધાયો હતો.

વરાછા પોલીસ સૂત્રોના વરાછા ખોડીયાર કોલોની પીપળાવછાની શેરીમાં રહેતો અજય નામનો વ્યકિત ફરિયાદીના ઘરમાં ઘૂસીને ફરિયાદીની ૧૫ વર્ષિય દીકરીને તુ મારી સાથે લગ્ન કરી લે નહીં કરે તો તારા મા-બાપને કંઈ પણ કરી દઈશ, તેમ ધમકી આપી શારીરિક છેડછાડ કરી હતી. તેમજ ફરિયાદીના પતિને ગામે આપી તમારાથી થાપ તે કરી લેવાની ધમકી આપી નાસી ગયા હતા. બનાવ અંગે વરાછા પોલીસે પોસ્કો એકટ અન્વયે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

વરાછા રોડ પરથી બાઈક ડીટેઈન કરતા ટ્રાફિક પોલીસ પર હુમલો

ટ્રાફિક પોલીસ સાથે ઝપાઝપી કરનાર વિરુદ્ધ ગુનો દાખલ

સુરત

વરાછા રોડ બરોડ બ્રિસ્ટેજ પાસે પાર્ક કરેલી એક મોટર સાઈકલ ઉપાડીને લઈ જતા હતા આ દરમિયાન વાહન માલિકે ત્યાં આવી પહોંચી ટ્રાફિક પોલીસ સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરતા વરાછા પોલીસ મથકમાં તેના વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા રોડ પર ટ્રાફિક શાખાના હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ રાજાભાઈ અનાર્મ પોતાના વિસ્તારમાંથી પોતાના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે બરોડા પ્રિસ્ટેજ જય અંબે વેસ સેન્ટર પાસે મોટર સાઈકલ ટોઈંગ કરવાની કામગીરી કરતા હતા. આ દરમિયાન અમરોલી સાયણ રોડ સાંઈ અસ્થા રેસિડેન્સી ખાતે રહેતા યતીશભાઈ ખોખતીરા નામની વાહન માલિકની બાઈક ઉઠાવી હતી. યતીશભાઈએ ટ્રાફિક પોલીસ સાથે બોલા ચાલી કરી ઝપાઝપી કરી હતી. ટ્રાફિક પોલીસે વરાછા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ટ્યુશન ક્લાસમાંથી પરત થતી કિશોરીની જાહેરમાં છેડતી

છેડતી કરનાર યુવક વિરૂદ્ધ પોસકો એક્ટ મુજબ ગુનો દાખલ

સુરત

જહાંગીરપુરા વિસ્તારમાંથી ટ્યુશનેથી પરત ફરતી કિશોરીની છેડતી કરી બિભત્સ વાતો કરનાર યુવકની સામે પોસ્કો એક્ટ અન્વયે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિંગણપોર ગામ શુભલક્ષ્મી રો હાઉસમાં રહેતો રાજેશ ધરમશીભાઈ પાંડવે ગત તા.૨૦-૧-૨૦૧૯ના રોજ સવારે ટ્યુશનેથી પરત ફરતી ફરિયાદીની દિકરીને અટકાવી જણાવ્યું કે જ્ઞાન ક્લાસીક ક્યાં છે ? તારો બોયફ્રેન્ડ કોણ છે ? તેમ પૂછી તને તારા ઘરે મૂકી દઊ તેમ જણાવી બિભત્સ વાતો કરી ભાગી ગયો હતો. કિશોરીના પિતાએ આ બનાવ અંગે જહાંગીરપુરા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે પોસ્કો એક્ટ અન્વયે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને પોલીસ આરોપીને શોધી કાઢવા પ્રયાસ કરી રહી હોવાનું પણ જાણવા મળે છે.



અમરોલી વિસ્તારમાં ગણેશપુરા બ્રિજ નજીક જાહેર રસ્તા પર સુરત મહાનગરપાલિકા દ્વારા મૂકવામાં આવેલ દિશાસૂચક બોર્ડ તૂટી પડવાથી દુર્ઘટનામાં ઘાયલ થયેલા બે પૈકી એક રાહદારીનું ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યું હતું.

અમરોલી ગણેશપુરા બ્રિજ પાસે દિશા સૂચક બોર્ડ તૂટી પડતા એકનું મોત

લોખંડનું તોતીંગ બોર્ડ તૂટી પડવાથી દુર્ઘટનામાં એક રાહદારી ઘાયલ

સુરત

આજે સવારે આઠેક વાગ્યાના સુમારે અમરોલી ગણેશપુરા પુલ પાસે નિર્માણાધીન બ્રિજ નજીક દિશાસૂચક બોર્ડ તૂટી પડતા ૨ રાહદારીઓ ઘવાયા હતા જે પૈકી એકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું.

અમરોલી પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે અમરોલી કોસાડ વચ્ચે ગણેશપુરા પુલ નજીક પાલિકા દ્વારા નવા બ્રિજનું કામ ચાલી રહ્યું છે. ત્યાં દિશાસૂચક બોર્ડ અચાનક તૂટી પડતા બે રાહદારીઓ ઘવાયા હતા. બ્લુ કલરનું દિશાસૂચક બોર્ડના લોખંડના સળીયાથી રાહદારીઓ ઘવાયા હોવાથી અન્ય રાહદારીઓએ ફાયર અને ૧૦૮ને જાણ કરી હતી. બે પૈકી શબ્બીર મોહંમદ નાઝીર સૈયદ ઉ.વ. ૩૦, રહે. એ/૪૮/૨૩ કોસાડ આવાસની ઉપર બોર્ડ પડવાથી ગંભીર રીતે ઘવાયો હતો. ફાયરની ટીમ શબ્બીરને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગઈ જ્યાં તબીબોએ શબ્બીરને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે અમરોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૭૦માં પ્રજાસત્તાક દિન પર્વ નિમિત્તે

વ્હોરા સમાજ તથા અરેબિક યુનિવર્સિટી દ્વારા તાપી નદી તટે સ્વચ્છતા અભિયાન



સુરત

કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત સુંદર ભારત અભિયાન તથા ગાંધીજીના ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે તેમજ પર્યાવરણને બચાવવા તથા તેના રક્ષણ કરવાના સાર્વત્રિક સંદેશથી પ્રેરાઈને અલજામેઆ-તુસ-સૈફીયહ એરેબીક યુનિવર્સિટી દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરાયુ હતું. પ્લાસ્ટિક પ્રદૂષણથી થતાં નુકસાન વિશે લોકોમાં જાગરૂકતા લાવવા તથા સ્વચ્છતા વિશે વ્હોરા સમાજના ધર્મગુરુ ડૉ. સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન સાહેબના ૭૫મા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે આ ઝુંબેશ ચાલી રહી છે. સમાજના લોકોએ ધ્વજારોહણ બાદ તાપી નદીના કિનારે સાફસફાઈ પ્રક્રિયા હાથ ધરી ૭૦મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી હતી.

શહેરના ઝાંપાબજાર ખાતે દાઉદી વ્હોરા જમાત ટ્રસ્ટ દ્વારા ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સુરતના જનાબ આમીલ સાહેબના હસ્તે સવારે ૮.૦૦ કલાકે ધ્વજારોહણ કરાયુ હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતાં. નાનપુરા સ્થિત ઝૈની બંગ્લા ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ કરાયુ હતું. જયાં અલજામેઆ-તુસ-સૈફીયાહના ઉસ્તાદો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સમુદાયની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા અલજામેઆ-તુસ-સૈફીયાહના વિદ્યાર્થીઓની આગેવાની હેઠળ આ કાર્યક્રમ ધ્વજવંદનના બાદ શરૂ કરાયો હતો અને અંદાજે બે કલાક સુધી સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. આ પ્રકારની પ્રવૃત્તિમાં અમારા વિદ્યાર્થીઓને સામેલ કરવું એ તેમની શિક્ષણનો એક આવશ્યક ભાગ હોવાનું અલજામેઆ-તુસ-સૈફીયહના પીઆરઓએ જણાવ્યુ હતું.

સ્વચ્છતા અભિયાનના આ કાર્યક્રમમાં જનાબ આમીલ સાહેબ સાથે સુરતના અલજામેઆ-તુસ-સૈફીયહના ઉસ્તાદો, ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ, જમાઅત કમિટીના સભ્યો, સમાજની નજાફત કમિટીના સભ્યો તેમજ સ્થાનિક લોકો પણ જોડાયા હતાં. આ અવસરે સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલા સમાજના એક અગ્રણીએ જણાવ્યું હતું કે દરેકને પોતાના ઘરોની સાથે મહોલ્લાઓને પણ સ્વચ્છ રાખવા જોઈએ જેથી શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે ઉપયોગી નીવડી શકે. ઘરનો કચરો ગાર્બેજ કલેક્શન માટે આવતી સુરત મનપાની ગાડીઓમાં નાખવો તથા સૂકો કચરો અને ભીનો કચરો અલગ અલગ આપવો જોઈએ જેથી આ વેસ્ટનો પણ ખાતર માટે યોગ્ય ઉપયોગ કરી શકાય.

મહુવાના વહેવલ ગામે ખેતરમાં મૂકાયેલા ટાવરને સળગાવી દેવાયા

બે મોબાઈલ ટાવર સળગાવી દેવાતા રૂા. બે લાખનું નુકસાન

સુરત

મહુવા તાલુકાના વહેવલ ગામ ખાતે આપેલા એક ખુલ્લા ખેતરમાં મોબાઈલ ફોન કંપનીના બે ટાવર સળગાવી દઈ રૂા. ૨ લાખનું નુકસાન કરી અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળનવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વિજલપુર નગર પાલિકાની પાછળ જોની ડેવીડ ડીસોઝા રહે છે. તેમણે મહુવા પોલીસ મથકમાં નોંધાયેલી એક ફરિયાદમાં જણાવ્યું હતું કે, વહેવલ ગામના આશ્રમ ફળિયા પાસે આવેલા એક ખુલ્લા ખેતરમાં વોડાફોન તથા આઈડીયા કંપનીના મોબાઈલ ટાવર આવેલા છે કોઈ અજાણ્યા ઈસમોએ ગતરોજ રાત્રિના સુમારે ટાવરો સળગાવી દઈ ટાવરના સેલ્ટર રૂમ તથા કેબલોને રૂા. ૨ લાખનું નુકસાન કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે તપાસ હાથ ધરી છે.



કતારગામ ખાતે આવેલી અંબિકાનગર સોસાયટી-૨માં સોસાયટીનો રસ્તો પહોળો કરવા સોસાયટીના લોકોએ સ્વૈચ્છિક ડીમોલીશન હાથ ધરી ૩૨૫ જેટલા મકાનો આગળના ઓટલા તોડાવ્યા હતા ત્યારની તસવીર.



સંવિધાન બચાવો સંઘર્ષ સમિતિના ઉપક્મે વિવિધ માંગણીઓ સંદર્ભે ઉધના રેલવે સ્ટેશન પાસે આજે પ્રતિક ધરણા યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સરદાર ભૂમિ બારડોલીમાં અદ્યતન સુવિધા સભર હોસ્પિટલનો આરંભ

ડાંગ કલેક્ટર બી.કે. કુમાર દ્વારા હોસ્પિટલનું ઉદ્ઘાટન

બારડોલી

સરદાર પટેલની ભૂમિ એવા બારડોલી ખાતે આજરોજ અદ્યતન સુવિધાસભર બારડોલી હોસ્પિનટલને ડાંગ કલેકટરશ્રી બી.કે.કુમાર ના વરદ્ હસ્તે, સુરત જીલ્લા પંચાયત આરોગ્ય. સમિતિ અધ્યક્ષશ્રી કિશોરભાઈ પાનવાલા, બારડોલી નગર પ્રમુખશ્રી ગણેશભાઈ ચૌધરી, અજીતસિંહ સુરમા, ડો.મહેન્દ્ર સિંહ ચૌહાણ, સેનેટ મેમ્બર વીર નર્મદ દ.ગુ.યુ. સહિત મહાનુભાવો ની ઉપસ્થિતિમાં ખુલ્લી મુકવામાં આવી હતી.

ડાંગ કલેકટરશ્રી બી.કે. કુમારે દીપ પ્રાગટ્ય કરી બારડોલી હોસ્પિટલના ડોકટરોની ટીમને અભિનંદન આપતા જણાવ્યું હતું કે શિક્ષણની સાથે સાથે આરોગ્યે ક્ષેત્રે આદિવાસી યુવાનોની પહેલ ખૂબજ પ્રશંશનીય છે. ગામડાના લોકોને આરોગ્યની સેવાઓ માટે હવે મોટા શહેરોમાં જવુ નહીં પડે. ઉચ્ચ આરોગ્ય્ સેવાઓ તમામ લોકોને ઘર આંગણે મળી રહે તે આજના સમયની માંગ છે. આ નવયુવાન ડોકટરો ખૂબ જ પરિશ્રમ કરી પોતાના વિસ્તારમાં સેવા કરવા માટે કટીબધ્ધ બન્યો છે.

પ્રાસંગિક પ્રવચન આપતા રજનીકાંત રજવાડીએ સૌને આવકારતા જણાવ્યું હતું કે અથાગ પુરૂષાર્થના પરિણામે આજે આ સપનું સાકાર કરી શક્યા છીએ. સરકારશ્રીની આર. એસ. બી.વાય યોજનાઓને પણ અમલી બનાવવામાં આવી છે. ગ્રામીણ ક્ષેત્રના યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે અહીં મેડિકલ કોલેજ પણ શરૂ કરવાના અમારા પ્રયાસ રહેશે. પારડી હોસ્પિટલ ના ડો. એમ. એમ.કુરેશી એ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે બહોળો અનુભવ ધરાવતા સર્જન પૈકી એક એવા શ્રેષ્ઠ ડો.કિનવ ચૌધરી નાનામાં નાની તકેદારી રાખી સફળ શસ્ત્રાણક્રિયામાં પારંગત છે. બારડોલી હોસ્પિટલના ઉદ્ઘાટન પ્રસંગે ડો.ઉર્વીબેન દેસાઈએ ગણેશવંદના કરી હતી. બારડોલી હોસ્પિટલના ડો.કિનવ ડી.ચૌધરી (સર્જન), ડો.હેમલતા કે.ચૌધરી (પેથોલોજી), ડો.ગણેશ બી. ચૌધરી (એનેસ્થેસિયો-લોજીસ્ટ), ડો.હેમાદ્રી રજવાડી (રેડીઓલોજીસ્ટ.), ડો. હાર્દિક ટી.પટેલ (ઓર્થો) ,ડો. તુષાર ડી.ચૌધરી (ગાયનેક) સેવા આપી રહયા છે. આ પ્રસંગે જીવનદીપ હોસ્પિટલ ના ડો.સુરેશભાઈ ચૌધરી, ડો.તનુભાઈ ચૌધરી,ડો.આશીષ ચૌધરી, ચૌધરી સમાજના પ્રમુખશ્રી લાલસીંગ ભાઈ ચૌધરી, બારડોલી સુગર ફેકટરીના ભાવેશભાઈ પટેલ તેમજ ખેડૂત અને સહકારી અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં બારડોલી નગરના લોકો ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાયર્ક્મનું સંચાલન દિપિકા દેસાઈએ કર્યું હતું.

એનટીપીસી કવાસમાં ૭૦મા ગણતંત્ર દિન પર્વની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી

વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામોનું વિતરણ

સુરત

એનટીપીસી કવાસ પરિયોજનામાં દેશનો ૭૦મો પ્રજાસત્તાક દિન ખૂબ જ હર્ષોલ્લાસની સાથે મનાવવામાં આવ્યો. મુખ્ય અતિથિ કવાસના મહાપ્રબંધક દેબાશીષ દાસે દેશનો તિરંગો ફરકાવ્યો હતો તથા રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. ગણતંત્ર દિનના સમારોહમાં મોટી સંખ્યામાં એનટીપીસી કવાસના કર્મચારીઓ, એનટીપીસી યુનિફાઈડ શેર્ડ સર્વિસીસના કર્મચારીઓ, એસોસિએટ્સ, સીઆઈએસએફના જવાનો, શ્રમિકો આદિત્યનગરવાસી, નર્સરી સ્કૂલ, અને બાલ ભવનનાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજાસત્તાક દિનના ઉપલક્ષ્યમાં સંબોધન કરતા મુખ્ય અતિથિ મહાપ્રબંધક દેબાશીષ દાસે દેશ માટે બલિદાન આપનાર શહીદો, સવાતંત્ર્ય સેનાનીઓને યાદ કર્યા તથા બંધારણનું મહત્ત્વ જણાવ્યું હતું. મુખ્ય અતિથિ દાસે જણાવ્યું હતું કે દેશમાં વીજળીની કમી દૂર કરવા માટે એનટીપીસી કંપનીનો જન્મ થયો હતો. આ કંપની ૪૩ વર્ષોથી દેશના વીજળી ઉત્પાદન ક્ષેત્રમાં પોતાનું સર્વોત્તમ યોગદાન આપી રહી છે. કોલસા, ગેસ, હાઈડ્રો (જળ) સૌર તથા પવન ઊર્જા ક્ષેત્ર દ્વારા ઉત્પાદિત વીજળીને મિલાવી એનટીપીસીએ કુલ ૫૨૯૪૬ મેગાવોટ વીજળીના ઉત્પાદનની ક્ષમતા હાંસલ કરી લીધી છે અને વર્ષ ૨૦૩૨ સુધીમાં ૧૩૦ ગીગાવોટ ક્ષમતાવાળી કંપની બનવાનું લક્ષ્ય રાખ્યું છે. નવીનીકરણ ઊર્જા અંતર્ગત સૌર અને પવન ઊર્જાનું મહત્ત્વ બનાવી મહાપ્રબંધક કવાસે આગામી વર્ષોમાં એનટીપીસીનું લક્ષ્ય અધિકથી અધિક નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન સ્થાપિત કરવાનું હશે એમ જણાવ્યું હતું.



વેસુ સ્થિત એસ.ડી. જૈન હાઈસ્કૂલ ગ્રાઉન્ડ પર આયોજિત રમત ગમત સ્પર્ધામાં સહભાગી થઈ પોતાના કૌશલ્યનો પરિચય કરાવતા વિદ્યાર્થીઓ તસવીરમાં નજરે પડે છે.

તા.૩૦મી જાન્યુઆરીથી રાષ્ટ્રીય રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અન્વયે સ્પર્શ રકતપિત્ત જનજાગૃતિ અભિયાન

વલસાડ

વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય રકતપિત્ત નિમૂલન કાર્યક્રમ અંતર્ગત સ્પર્શ લેપ્રેસી અવેરનેસ કેમ્પેઈન તા.૩૦/૧/૧૯ થી તા.૧૩/૨/૧૯ દરમિયાન યોજાશે. જે અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તમામ ગ્રામ્યવિસ્તારોમાં રકતપિત અંગે લોકોને જાણકારી આપવામાં આવશે.

રકતપિત્ત જંતુજન્ય રોગ છે. રક્તપિત્તનું વહેલું નિદાન અને ત્વરિત સારવાર કરવામાં આવે તો સંપૂર્ણપણે મટી શકે છે. રકતપિત્તની શરૂઆતના ચિહ્નો જોઈએ તો, ચામડીના રંગ અને કુમાશમાં ફેરફાર, સ્પર્શ જ્ઞાનનો અભાવ, ચામડી ઉપર ચાઠું એ રક્તપિત્ત હોઈ શકે છે., વહેલું નિદાન, નિયમિત અને પૂરતી બહુ ઔષધીય સારવારથી વિકૃતિ અટકાવી શકાય છે. તમામ સરકારી દવાખાનામાં વિના મૂલ્યે સારવાર ઉપલબ્ધ છે. રકતપિત્તગ્રસ્તોને સન્માનપૂર્વક જીવવા પ્રોત્સાહિત કરો સમાજને ઉપયોગી બનવા તેમનો સ્વીકાર કરો અને તેમને મદદ કરો. રક્તપિત્તનું નિદાન તથા સારવાર દરેક સરકારી દવાખાના/પ્રાથમિક આરોગ્ય/સામુહિક કેન્દ્ર ખાતે દરરોજ વિના મૂલ્યે કરવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી માટે જિલ્લા રક્તપિત્ત કચેરી, જિલ્લા પંચાયત, વલસાડનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૨૬૩૨-૨૪૩૭૧૦ ઉપર સંપર્ક સાધી શકાશે

ચેમ્બર દ્વારા ઓટો એક્સપોમાં પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ૭૦મા પ્રજાસત્તાક પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. ચેમ્બર દ્વારા સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલએકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરખાતે આયોજિત સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સપોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચેમ્બરના પ્રમુખશ્રી હેતલ મહેતાએ પ્રારંભીક ઉદ્બોધન કર્યુ હતુ.ઉપસ્થિત તમામેરાષ્ટ્રધ્વજનેસલામીઆપી ગૌરવનીલાગણીઅનુભવીહતી.

અંકલેશ્વરની એસેન્ટ સ્કૂલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

સુરત

અંકલેશ્વર ખાતે શ્રી આદિનાથ સ્વામી એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત એસેન્ટ સ્કૂલમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. જેમાં અતિથિ વિશેષ તરીકે ગયા વર્ષે ધો.૧૦ની પરીક્ષામાં શાળામાં પ્રથમ આવેલ વિદ્યાર્થીની સરીતા વિનોદભાઈ સીંગના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો. શાળાના ટ્રસ્ટી બીના કાગળવાલા તેમજ શાળાના આચાર્ય રમા મુખરજીએ આ પ્રસંગે પોતાનું પ્રવચન આપ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત અને ડાન્સ પણ કરવામાં આવ્યો. શાળાની શિક્ષિકા તુલુ તિવારીએ પણ શાળાના વિદ્યાર્થીઓને પ્રજાસત્તાક દિનની જાણકારી આપી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહી ઝંડાને સલામી આપી હતી.

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
- સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
- નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
- દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-યુમથાંગ
- દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
- સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
- આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક

અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935

સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલમ બીચ
AC Deluxe Hotel • AC 2 x 2 Volvo Bus
દિવસ-૮ ₹ 24500/-PP

દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, નૌકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
દિવસ-૬ ₹ 9000/-PP

નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સુરનાથ, અલ્હાબાદ, અયોધ્યા, કપેયા, ગોરખપુર
AC Bus • જમવા તથા રહેવાની સારી વ્યવસ્થા
દિવસ-૯ ₹ 14800/-PP

સ્પે.હનીમુન ટુર
દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, કેલાંગ, જીસ્પા, પાલ બોર્ડર, અમૃતસર
Non AC Bus
દિવસ-૯ ₹ 17200/-PP

બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઈકેનાલ, મદુરાઈ, કન્યાકુમારી, પદ્મનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ્, કોઈમ્બતુર, મહાબલીપુરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સારી • જમવા પ્રીમ – જમવા ડિનર
દિવસ-૧૨ ₹ 23500/-PP

ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com

કોસાડથી યુનિવર્સિટી સુધી વધુ એક રૂટ પર સીટી બસ દોડતી થઈ

સુરતમાં કુલ ૩૪ રૂટ પર સીટી બસો દોડતી થઈ

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બીઆરટીએસ અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે.

શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખૂબ જ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે. હાલમાં બીઆરટીએસના કુલ ૯ કોરિડોર મળીને આશરે દૈનિક ૧,૦૫,૦૦૦ થી વધુ પેસેન્જરો તેમજ સીટી બસના કુલ ૩૪ રૂટ ઉપર આશરે દૈનિક ૧,૦૦,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૦૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે.

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે. જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા એક રૂટ નં.૨૨૬ તા.૨૬-૧-૨૦૧૯ના રોજથી શરૂ કરવામાં આવ્યો છે. જે મુજબ રૂટ કોસાડ ગામથી વીએનએસજીયુ યુનિવર્સિટી વાયા અમરોલી ચાર રસ્તા, ગજેરા સર્કલ, એસએમસી મુખ્ય કચેરી, અઠવાગેટ, પાર્લે પોઈન્ટ એસવી એનઆઈટી અને પીપલોદ થઈ વીએનએસજીયુ યુનિવર્સિટી સુધીના વિસ્તારને આવરી લેવાયો છે. આ રૂટ શરૂ કરવાથી રૂટમાં આવનાર વિસ્તારના લોકોને તેમજ કોસાડ ગામ ગામ રહેવાસીઓને વીએનએસ જીયુ યુનિવર્સિટી સુધી સીટી બસ સેવાનો લાભ ઉપલબ્ધ બન્યો છે.

લગ્નપ્રસંગમાં યોજાયેલ ડાયરામાં ફાયરિંગ થતા ભયનો માહોલ સર્જાયો

સુરત

કામરેજના ધોરણ-પારડી ગામમાં એક લગ્ન પ્રસંગમાં યોજાયેલા ડાયરામાં હવામાં ફાયરિંગ થયું હોવાનું વીડિયો વાઈરલ થતા પોલીસે તપાસ હાથ ધરી છે. જોકે, લગ્ન પ્રસંગમાં અચાનક ફાયરિંગનો અવાજ સાંભળી મહેમાનોમાં ભયનો માહોલ ઉભો થતા બને પક્ષકારો દોડતા થઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું.

કામરેજમાં યોજાયેલા લગ્ન કોના હતા એ એક તપાસનો વિષય બની ગયો હતો. પરંતુ વરાછા-કાપોદ્રાના એક વેપારીના પુત્રના લગ્નમાં હવામાં ફાયરિંગ થયું હોવાની વાત બહાર આવી હતી. વીડિયો વાઈરલ થયા બાદ જિલ્લા પોલીસે પણ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ લગ્ન પ્રસંગમાં લોકડાયરામાં ગાયક કલાકાર કીર્તિદાન ગઢવી, માયાભાઈ આહીર અને કિંજલ દવે પણ મહેમાન હોવાનું બહાર આવ્યું છે. વાઈરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, ડાયરામાં રૂપિયા ઉડાવતો બ્લ્યુ કુર્તા પાયજામાં વાળો વ્યક્તિ અચાનક રિવોલ્વર કાઢી હવામાં ફાયરિંગ કરે છે જેને એક લગ્ન પ્રસંગમાં વીડિયો શુટિંગ કરી આખી ઘટના ને કેમેરામાં કેદ કરતો પણ દેખાય છે. હાલ આ ઘટનાને લઈ પોલીસ તપાસ કરી રહી છે.

JINDAL VISHWAS
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
LOTUS
Manaksia Limited
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
• પોલીકાર્બોનેટ • PVC • ગેલ્વેનાઈઝ
• એલ્યુમીનીયમ • MS • CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE GC SHEET
કોરૂગેટેડ, પ્રોફાઇલ & કલર કોટેડ
• ગેલવેનાઈઝ • એલ્યુમીનીયમ • PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હયુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ કલીનિક
ઘોડદોડ રોડ: ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા: એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ: જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

મુખ્યમંત્રીઃગુજરાત સરકાર તરફથી ૧૦૮ નવદંપતિને ૧૦,૦૦૦ રૂપિયાની ભેટ





સમગ્ર વિશ્વ માં સુપ્રસિધ્ધ બોટાદ જીલ્લાના સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીરે તૃતીય સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો જેમાં ૧૦૮ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા આ સમૂહ લગ્ન માં ગુજરાત ના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમના પત્ની અંજલીબેન રૂપાણી સાથે ખાસ ઉપસ્થિત રહી ને ૧૦૮ નવદંપતિ ઓને સફળ લગ્નજીવનના આશિર્વાદ આપ્યા હતા વડતાલ ગાદીપતિ આચાર્યશ્રી રાકેશ પ્રકાસદાસજી મહારાજ નવદંપતિને આશિર્વાદ આપવા ખાસ ઉપસ્થિત રહ્યા જ્યારે ગુરૂ વિષ્ણુપ્રકાસદાસજી સ્વામી તથા હરિપ્રકાશદાસ સ્વામી દ્વારા આ સમૂહ લગ્ન નુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ સમુહ લગ્ન માં મુખ્યમંત્રી વિજય રૂપાણી ની સાથે ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ,વિધાનસભા ના પુર્વ અધ્યક્ષ રમણલાલ વોરા,શંકરભાઈ વેગડ,એ.એચ.પી.ના મહામંત્રી રણછોડભાઈ ભરવાડ,જીલ્લા ભાજપ પ્રમુખ સુરેશભાઈ ગોધાણી તથા રાજકીય આગેવાનો,સામાજિક આગેવાનો સહીત અનેક સંતો મહંતો ની ઉપસ્થિતી આ સમૂહ લગ્ન યોજાયા હતા મુખ્યમંત્રી વિજય રૂપાણી એ સંબોધન કરતા જણાવ્યુ હતુ કે સમૂહ લગ્નોત્સવ સામાજીક સમરસતા ને પ્રોત્સાહન આપે છે આ ઉપરાંત સમરસતાથી જ સમાજ નો વિકાસ થતો હોય છે સૌના સાથ અને સૌના વિકાસ થી આ સમરસતા ને વધુ ઉપર લઈ જવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી ભારતીય પરંપરામાં લગ્નજીવનને વ્યક્તિ ને વ્યક્તિ સાથે જોડતુ નહી પરંતુ સમગ્ર સમાજને જોડનારુ માધ્યમ ગણવામાં આવે છે રૂષિમુનીઓએ જે લગ્નજીવનની જે અદભુત પરંપરા ગોઠવી છે તેથી લગ્નબાદ વેવાઈ. વેવાણ. માસા.માસી.વગેરે જેવા સંબંધો છે ભારત સિવાયના કોઈ લગ્ન વ્યવહારમાં આવા સંબંધો ઓછા જોવા મળે છે તેમણે વધુમાં કહ્યુ કે સમૂહ લગ્ન ને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી એ દરેક યુગલ ને ૧૦.૦૦૦ રૂપિયા અને આયોજક ને ૫૦.૦૦૦ હજાર રૂપિયા કુલ મળીને ૧૦.૮૦ લાખની રકમ રાજ્ય સરકાર તરફથી સમૂહ લગ્નોત્સવમાં આપવાની જાહેરાત કરી હતી.મુખ્યમંત્રી એ વધુમાં જણાવ્યુ કે આજે સંતો લગ્નો કરાવી સમાજના પૂરક અને પ્રોત્સાહક બન્યા છે આવા કાર્ય બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.તેમણે કહ્યુ કે ભગવાન હનુમાનજી એ આપણા સમાજના આદર્શ દંપતિ ગણાતા રામ અને સીતાના સેવક બની સંસારની શ્રેષ્ઠતા બક્ષી હતી.તેવા હનુમાનજીના ધામમાં મોટા પાયે લગ્નોત્સવ યોજાય છે તે અનુકરણીય પગલુ છે ભગવાન સ્વામિનારાયણે નાનામાં નાના જીવ પ્રત્યે પણ દયા કરૂણા દાખવી હતી તેનુ સ્મરણ કરી કહ્યુ કે સ્વામિનારાયણ ના સંતોએ યુવાનોને શિક્ષિત-દિક્ષિત બનાવવાની સાથે સંસ્કારી બનાવવાનુ અદભુત કાર્ય કર્યુ છે.ભારતીય સમાજમાં લગ્નને સંસ્કાર તરીકે જોવાય છે જીવનની પુર્ણતા તેમા સમાયેલી છે.આપણે એટલે જ લગ્નો પણ ધાર્મિક વિધિવિધાનથી કરીએ છીએ લગ્ન એ માત્ર બે આત્માનુ નહી પણ બે કુટુંબ-બે સમાજ વચ્ચેનુ પણ મિલન છે.સાળંગપુર ખાતેના સમૂહ લગ્નમાં મુખ્યમંત્રી ની સાથે તેમના પત્ની અંજલીબેન રૂપાણી આવતા સાંખ્યોગી બહેનો દ્વારા અંજલીબેન રૂપાણીનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ મોટા પ્રમાણ માં તમામ ૧૦૮ દિકરીઓને કરીયાવર આપવામાં આવ્યો હતો.૧૦૮ બ્રાહ્મણો દ્વારા અલગ અલગ દંપતિને વિધિ કરાવવામાં આવી હતી ૫૦.૦૦૦ હજાર જાનૈયાઓ માટે ડ્રાઈફ્રુટ હલવો, ગુલાબજાંબુ, ઉંધીયુ, છોલેચણા, ભજીયા, રોટલી, દાલ, ભાત, સલાડ, પાપડ, છાસ નુ ગરમાં ગરમ જમવાનુ બનાવવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમને સફળ બનાવવા મોટી સંખ્યામાં સ્વયંમસેવકો ખડે પગે રહ્યા હતા આ સમૂહ લગ્નનોત્સવ માં દેશ વિદેશ થી હજજારો લોકો સાળંગપુર ખાતે ઉમટીપડ્યા હતા...

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.१४,५००/-
प्रवास दिवस-१४
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
3-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

તેજ પવનના કારણે બમણી ઠંડીનો અનુભવ

વલસાડમાં ૯, નવસારીમાં ૧૧ અને સુરત જિલ્લામાં ૧૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું

શીતલહેરથી કાતિલ ઠંડી : લોકો ધ્રુજી ઉઠયા

સુરત

જમ્મુ કાશ્મીરમાં ફરી એક વખત હિમ પવનના લીધે કોલ્ડવેવની અસર સમગ્ર ઉત્તર ભારતમાં છવાઈ છે. ઉત્તરીય શીતલહેરની અસરથી દીક્ષણ ગુજરાત છેલ્લા ત્રણ દિવસથી ઠુંઠવાઈ રહ્યું છે. આજે પણ શીતલહેર યથાવત રહેતા દિવસ દરમિયાન ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૬.૩ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા અને હવાનું દબાણ ૧૦૨૨.૩ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર-પૂર્વ દિશાથી કલાકના સરેરાશ ૧૦ કિલોમીટરની ઝડપથી પવન ફૂંકાઈ રહ્યો છે. શહેરીજનોને દિવસ દરમિયાન પણ ઠંડા પવનના લીધે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. નવસારીમાં આજે સીવારે ન્યુનત્તમ તાપમાન ૧૧.૧ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૯.૨ ડિગ્રી નોંધાયું હતું. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનત્તમ તાપમાન ૯.૧ ડિગ્રી નોંધાયું છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૩ દિવસથી ઉત્તરીય શીતલહેરના લીધે તાપમાનના પારામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આગામી બે ત્રણ દિવસ સુધી શીતલહેરની અસર રહે તેવી શક્યતા છે. રાજયમાં સૌથી વધુ ઠંડી નલિયામાં ૬.૭ ડિગ્રી, ડીસામાં ૭.૦ ડિગ્રી, વડોદરામાં ૭.૬ ડિગ્રી ગાંધીનગરમાં ૭.૪ ડિગ્રી અમદાવાદમાં ૮.૬ ડિગ્રી, વલસાડમાં ૯.૧ વલ્લભ વિદ્યાનગરમાં ૯.૨ ડિગ્રી તાપમાન નોંધાયું રાજ્યના ૭ શહેરોમાં સિંગલ ડિજિટમાં ન્યુનત્તમ તાપમાન નોંધાયું છે. રાજયમાં સૌથી વધારે ન્યુનત્તમ તાપમાન ઓખામાં ૧૮.૮ ડિગ્રી દ્વારકામાં ૧૩.૬ ડિગ્રી અને સુરતમાં ૧૩.૫ ડિગ્રી નોંધાયું છે. રાજ્યમાં સૌથી વધુ અધિકત્તમ તાપમાન વલસાડમાં ૨૮.૯ ડિગ્રી, પોરબંદરમાં ૨૭.૯ ડિગ્રી અને વેરાવળમાં ૨૭.૫ ડિગ્રી નોંધાયું છે. આગામી બે-ત્રણ દિવસ સુધી રાજ્યમાં શીતલહેર અસર યથાવત રહે તેવી શક્યતા છે.

તા. ૩૦મીથી વલસાડ ખાતે જીવન મૂલ્ય દર્શન આધ્યાત્મિક મેળો યોજાશે

વલસાડ

પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય વલસાડ દ્વારા આયોજીત જીવન મૂલ્ય દર્શન આધ્યાત્મિક મેળોનું ઉદ્ઘાટન વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી શ્રી રમણલાલ પાટકરના હસ્તે તા. ૩૦/૦૧/૨૦૧૯ ના રોજ સાંજે ૬-૦૦ કલાકે બાઈ આંવા બાઈ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ વલસાડ ખાતે કરાશે. આ મેળામાં આર્શીવચન રાજયોગીની બ્રહ્માકુમારી શારદા દીદી સંચાલિકા આંબાવાડી સેવા કેન્દ્ર અમદાવાદ આપશે. આ અવસરે અતિથિ વિશેષ તરીકે પારડીના ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઈ, વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી પંકજભાઈ આહિર ઉપસ્થિત રહેશે. આ મેળો તા. ૩૦/૦૧/૨૦૧૯ થી ૦૪/૦૨/૨૦૧૯ સુધી બપોરે ૩-૦૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ મેળો સંપન્ન થયા બાદ આંતરરાષ્ટ્રીય વકતા રાજયોગીની બ્રહ્માકુમારી ઉષાદીદી જીના ઉસીકા નામ હે વિષય ઉપર આધ્યાત્મિક પ્રવચન તા. ૦૫/૦૨/૨૦૧૯ થી ૦૯/૦૨/૨૦૧૯ સુધી સાંજે ૭-૦૦ થી ૮-૩૦ વાગ્યા સુધી આપશે. તેમ બ્રહ્માકુમારી રંજનબેન સંચાલિકા સુરત, વલસાડ સબ ઝોન વલસાડ દ્વારા જણાવાયું છે.

૩૦મી જાન્યુઆરી શહીદ દિને શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર

શહીદોની યાદમાં બે મીનિટનું મૌન પળાશે શહીદો પ્રત્યે શ્રદ્ધા-સન્માનની ભાવના જાગૃત થાય તે માટે સહકાર આપવા અપીલ

વલસાડ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદવીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ને બુધવારના રોજ શહીદ દિને સવારે ૧૧-૦૦ કલાકે બે મીનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરોનું ઋણ અદા કરશે. કામકાજની અને વાહનવ્યવહારની ગતિને બે મીનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

શનિવાર તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૦.૫૯થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વાગશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઊભા રહી, શક્ય હોય તો ભેગા મળી, મૌન પાળે, જ્યાં શક્ય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થંભી જાય તે જોવા વિનંતી કરવામાં આવી છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સતત સાયરન ફરીથી વાગશે. ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મીનિટ મૌન પાળવા માટે સંબંધિત તમામ કચેરીઓએ આદેશ બહાર પાડવાના રહેશે. તેમ નિવાસી અધિક કલેકટર, વલસાડ દ્વારા જણાવાયું છે.

‘પાસ’ કાર્યકરોના જામીન અંગે કોર્ટમાં સુનાવણી

સુરત

અમરોલી પોલીસ મથકના રાયોટીંગ અને મારી નાખવાના પ્રયાસના ગુનામાં સંકળાયેલા પાસના બે કાર્યકર્તાઓની જામીન અરજીની સુનાવણી આજે હાથ ધરાનારી છે. એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું. આ કેસની વિગતો એવી છે કે વર્ષ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન મોટા વરાછા ખાતે સનસાઈન ડોક્ટર હાઉસ પાસે એક યુવક પર એવી દહેશત રાખીને જાની લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ અને હાર્દિક પટેલ વિરુદ્ધ ફેસબૂક પર અભદ્ર ટીપ્પણી કરી હતી. અમરોલી પોલીસે આઈપીસી-૩૦૭ અને રાયોટીંગ મુજબનો ગુનો નોંધી પાસના બે કાર્યકર્તાઓ ચંદ્રેશ કાકડિયા અને સંદીપ ગોયલાનીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. લાજપોર જેલમાંથી તેઓએ એડવોકેટ વાળા દ્વારા એક જામીન અરજી કરવા રજૂ કરવામાં આવી હતી. જોકે, પોલીસે ગુનો સંબંધિત કોઈ મુદ્દો રીકવર કર્યો ન હતો.

રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી કોલેજમાં ગણતંત્ર પર્વની ઉજવણી

અંગીરસ શુકલાના હસ્તે ધ્વજવંદન યોજાયું

સુરત

SRICT (શ્રોફ એસ. આર. રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજી) ખાતે ૭૦ માં પ્રજાસતાક દિનનીની ઉજવણી ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ ના દિવસે કરવામાં આવી હતી. જેમાં કોલેજના મહામંત્રી શ્રી તથા રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર ના ભૂતપૂર્વ પ્રમુખશ્રી અંગીરસ શુક્લા દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે કોલેજના ઉપાધ્યક્ષ શ્રી અશોક પંજવાણી, કોલેજના ઉપઆચાર્ય ડો.સ્નેહલ લોખંડવાલા, ટ્રસ્ટી ડો. મહેશ મિસ્ત્રી, રોટરી કલબના પ્રમુખ શ્રી ઈશ્વર સજ્જન, વિવિધિ વિદ્યાશાખાઓના વડાશ્રીઓ, અધ્યાપક ગણ, કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા . કોલેજના ઉપાધ્યક્ષ શ્રી અશોક પંજવાણી અને મહામંત્રી શ્રી અંગીરસ શુક્લા દ્વારા ૭૦માં પ્રજાસત્તાક દિન નિમિત્તે દરેકને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે કોલેજના મેથેમેટિક્સ સાયન્સ અને હ્યુમીનીટીસ વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો દ્વારા દરેકનું મન જીતી લીધું હતું. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓને પએસ, વક્તૃત્વસ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નેચર કલબમાં સારૂ પ્રદર્શન કરવા બદલ તથા વિવેકાનંદ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીને કોલેજ તરફથી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

૪ ફેબ્રુઆરીએ સુરત બંધના એલાનને ડાયમંડ વર્કર યુનિયનનું સમર્થન નથી

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા મેસેજ અંગે ડાયમંડ વર્કર યુનિયનની સ્પષ્ટતા

સુરત

સોશિયલ મીડિયામાં છેલ્લા ઘણા દિવસોથી એક મેસેજ વાયરેલ થયો છે જેમાં ૪ ફેબ્રુઆરીના રોજ બંધનું એલાન કરવામાં આવ્યું છે. ડાયમંડ વર્કર યુનિયન દ્વારા આ મેસેજને સમર્થન ન આપી જિલ્લા કલેક્ટર તથા પોલીસ કમિશરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત એ હિરા ઉદ્યોગમાં કામ કરતા રત્ન કલાકારોનું એક માત્ર સરકાર માન્ય યુનિયન છે જે રત્ન કલાકારોને થતા અન્યાય બાબતે આંદોલન ચલાવી રત્નકલાકારોનું શોષણ અટકાવે છે. છેલ્લા થોડાક દિવસોથી સોશિયલ મીડિયામાં એક મેસેજ વાયરલ થયો છે. જેમાં લખવામાં આવ્યું છે કે હીરા ઉદ્યોગમાં રત્નકલાકારોનું ખૂબ શોષણ થઈ રહ્યું છે. તેના વિરોધમાં તા. ૪-૨-૨૦૧૯ના રોજ સુરત બંધનું એલાન આપવામાં આવ્યું છે. ડાયમંડ વર્કર યુનિયનને રત્નકલાકારો આ બંધ અંગે પૂછપરછ કરી રહ્યા છે. તેથી આજરોજ સુરત પોલીસ કમિશનર અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આ વાયરલ થયેલ ખોટા મેસેજની જાણ કરવામાં આવી છે. અમૂક તકવાદીઓ યુનિયનમાં રોડા નાખવાનું કામ કરી રહ્યા છે. તેઓને ખુલ્લા પાડવા માટે રજૂઆત કરાઈ છે. ૪ ફેબ્રુઆરીના સુરત બંધના એલાનને ડાયમંડ વર્કર યુનિયન સાથે કોઈ લેવા દેવા નથી.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અલ્પ મૉંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન દુષ્કરમાં સપાટ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્કામથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજીક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની ચોંધણી, નોકરી મેળવવા ઈમેદવારીની ચોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ થયેલ આવકમાંથી ચુકવણા જશો, જે માટે સાથે દર્શાવેલ કોષ્ટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની

સેલ્ફ્ડ ઉભુ મેળવી આપવા કમાયેલા પૈસામાંથી

(PLAN - A)

બાકીના ૫૫૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ સેલ વર્ષ સુધી ચેન્જુ કરી શકશો. જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)

ત્રીજા વર્ષ માટે ૧૦૦૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ ત્રીજા વર્ષ માટે ચેન્જુ કરી શકશો. સાથે સેલ વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ ચેન્જુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદૃઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





કેવડિયા થી રાજપીપળા આદિવાસી રેલીમાં આદિવાસીઓનો સેલાબ ઉમટ્યો : ૩ કિમિ લાંબી રેલીથી તંત્ર સ્તબ્ધ

બીટીપી, બીટીએસ સાથે કોંગ્રેસ પણ જોડાઈ : આદિવાસીની જમીનો પર ભવનો નહિ બનાવ દઈએ પોલીસે આદિવાસીના ઘરોમાં કોમ્બિંગ, મહિલાઓ પર પણ લાઠી ચાર્જ કરી અત્યાચાર કર્યો, ૧૨ સામેની ફરિયાદ પાછી ખેંચો ની માંગ

રાજપીપળા : કેવડિયા આદિવાસીઓ પર થયેલા જુલમ અને અન્યાયના વિરોધમાં ડેડીયાપાડા ધારાસભ્ય મહેશ વસાાએ મુલાકાત લઇ ૨૮ મી જાન્યુઆરીએ જંગી રેલી પગપાળા કાઢી જિલ્લા કલેક્ટરને આવેદન આપવાની જાહેરાતને પગલે આદિવાસીઓનો જાણે સેલાબ ઉમટ્યો હોય એમ મોટી સંખ્યામાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી આદિવાસીઓ ઉમટ્યા આશરે ૫૦૦૦થી વધુ લોકો અને ૩ કિમિ લાંબી લાઈન થાય એટલી મોટી રેલી જોઈ તંત્ર પણ અચંબામાં મુકાયું હતું ત્યારે સમગ્ર જિલ્લાની પોલીસ ખડેપગે રહી કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં પોરવાઈ ગઈ હતી .

કેવડિયા ખાતે ૨૦ જાન્યુઆરીએ હરિયાણા ભવનનું ખાતમુહત હરિયાણાના સીએમ દ્વારા કરવામાં આવ્યું તે દિવસે ૬ ગામના આદિવાસીઓ પોતાની જમીન આ ભવનોમાં જતા રહેતા આદિવાસીઓ એ વિરોધ કર્યો હતો, આ વિરોધ દરમ્યાન પોલીસ સાથે ઘર્ષણ પણ થયું જેમાં નર્મદા પોલીસે ૧૨ જેટલા આદિવાસીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી ત્યારથી વિરોધ વધતો રહ્યો, જયારે પોલીસ દ્વારા કોમ્બિંગ કરવામાં આવ્યું ત્યારે ફફળી ઉઠેલા આદિવાસીની મદદે ડેડીયાપાડા ધારાસભ્ય મહેશ વસાવા આવ્યા અને મુલાકત લીધી બાદ આંદોલનની જાહેરાત કરી એ જાહેરાતને પગલે આજે સોમવારે કેવડિયા થી રાજપીપળા સુધી આદિવાસીઓની મહારેલીની શરુઆત કરવામાં આવી જેમાં પાંચ હજાર જેટલા આદિવાસીઓ આ રેલીમાં જોડાયા હતા જે કેવડિયા થી ૨૪ કિલોમીટર નું અંતર કાપી રાજપીપળા સુધી આવી હતી. ત્યારે ડેડીયાપડાના ધારાસભ્ય મહેશ વસાવા એ લિલી ઝંડી આપી આ રેલીનું પ્રથાન કરાવ્યુ હતું અને રાજપીપળા પહોચી જિલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું, તેમની સાથે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ બહાદુર વસાવા, કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવા, પૂર્વ ધારાસભ્ય ધીરુભાઈ ભીલ સહીત મોટી સંખ્યમાં આદિવસી આગેવાનો જોડાયા હતા.



આદિવાસીઓ સાથે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર બન્ને અન્યાય કરે છે, રાજ્યમાં પેસા એક્ટ લાગુ છે છતાં સરકાર દ્વારા આદિવાસીઓ પર અત્યાચાર કરવામાં આવે છે, આનુસૂચિ ૫ મુજબ કામગીરી નથી કરવામાં આવતી આ ભવનો આદિવાસીઓના ઘરો તોડી સંપાદિત કરી ઉદ્યોગ પતિઓને વેચે છે અને આદિવાસી કહેવા જાય તો પોલીસ દમન કરે છે, તમને આદિવાસીઓ જ મળે છે મારવા માટે જો આગામી દિવસોમાં જમીનો હડપવાનું સરકાર બંધ નહિ કરે તો આંતરરાષ્ટ્રીય દેશવ્યાપી લડત લડાશે આ ચેતવણી છે મારી - મહેશ વસાવા ધારાસભ્ય ડેડીયાપાડા, બીટીપી રાષ્ટિય અધ્યક્ષ

દેરોલના સમાન્ય પરિવારના દીકરાએ (સીએ)ની પરીક્ષા પાસ કરીને ગામનું નામ રોશન કર્યું

રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી અને એકદમ નિમ્ન પરિણામ આપતી સી.એ.ની ફાઇનલ પરીક્ષા યોજાઈ હતી. જેમાં ભરૂચ જિલ્લાના દેરોલ ગામના વતની અને વ્હોરા પટેલ સમાજના છાત્ર આકીબ ઉસમાનગની પટેલે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સમાજ તેમજ દેરોલ ગામ સહિત સમસ્ત ભરૂચ જિલ્લાનું ગૌરવ વધાર્યું હતુ.

સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય એ ઉક્તિને દેરોલ ગામના આકીબે સાર્થક કરી બતાવી છે. તદ્દન સામાન્ય પરિવારમાંથી આવતો હોવા છતાં કંઈક કરવાની ખેવનાએ આકીબને તેની મંજિલ સુધી પહોંચાડી દીધો હતો. હોંશલો બુલંદ રાખી પોતાના અભ્યાસને વળગી રહી આકીબે કામયાબીના શિખર સર કરી લીધા હતા.ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા યોજાયેલ પરીક્ષામાં ભરૂચ જિલ્લાના વિદ્યાર્થીએ મેદાન મારતા જિલ્લામાં ખુશહાલીની લહેર પ્રસરી જવા પામી હતી. દયાદરા હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ મેળવી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર આકીબ પટેલની સફળતાને દયાદરા હાયર સેકન્ડરી સ્કૂલ તેમજ દેરોલના ગ્રામજનોએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.દેરોલ ગામના એકદમ સામાન્ય પરિવારમાંથી આવતા અને પહલેથી જ ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા આકીબ ના ઘરની આર્થીક પરિસ્થિતિ ઉપરાંત પિતાને લકવા થવા છતાંયે હિમ્મત હાર્યા વિના કારકિર્દી બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ.



ધોરણ-૧૦ માં સારા માર્ક્સ મેળવ્યા બાદ આકીબે કોમર્સ લાઈન ઉપર પસંદગી કરી હતી. એકાઉન્ટિંગ,સ્ટેટિસ્ટિક જેવા વિષયમાં ઘણી રુચિ ધરાવતા આકીબે ધી દયાદરા હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ દરમિયાન શાળાનું વાતાવરણ તથા શિક્ષકોનો સહયોગ આકીબ ને સાંપડયો હતો.ધો.૧૨ ના પરિણામ બાદ આકીબે સીએ એન્ટ્રેન્સ માટે પ્રોગ્રેસીવ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટમાં પરીક્ષા આપી અને તેમાં ૧૦૦ પરિક્ષાર્થીઓ માંથી ટોપ ૭ માં પસંદગી પામવા સાથે જ પોતાના લક્ષ્ય સુધી પહોંચવાની સફર શરૂ થઈ હતી. બસ અહિયા થી જ મારો સીએ બનવાનો પ્રવાસ શરૂ થયો હતો. વધુમાં આકીબ પટેલે કહ્યુ હતું કે સુરતમાં પ્રોગ્રાસીવ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ આવેલુ છે.જે સીએના વિદ્યાર્થીઓ માટે કોચિંગ ઉપરાંત ખાવા પીવાની વ્યવસ્થા સાથે હોસ્ટેલમાં રહેવાની સગવડ પુરી પાડે છે .ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી હોવા છતાં મેં પ્રથમ પ્રયત્ને સીએ એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરી અને બાદમાં સી.એ આઈ.પી.સી.સી ના છેલ્લા વર્ષમાં હું ૧૦ થી ૧૨ કલાકનુ રોજ સતત સખત વાંચન કરતો હતો.ગ્રૂપના સારા મિત્રો દયાદરા હાઈસ્કૂલના ભૂતપૂર્વ છાત્ર અને હાલના વરિષ્ઠ સીએ સેહજાદ ડાય.સિનિયર વિદ્યાર્થિઓ સતત મને પ્રેરણા આપતા રહેતા હતા.મારા જુનિયર વિદ્યાર્થીઓને તેમજ સમાજના કંઈક કરવા માંગતા વિદ્યાર્થીઓને કેહવા માંગુ છું કે હીરાની જેમ ચમકવા માટે પત્થરની જેમ ઘસાવવુ પડે.સફળતાનો શ્રેય માતા પિતા ,પોતાના ભાઈ તેમજ દયાદરા હાઈસ્કુલ તથા પ્રોગ્રાસીવ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટને અર્પણ કરુ છું. તેમ આકીબ પટેલે જણાવ્યુ હતું.

ઐતિહાસિક દાંડી સત્યાગ્રહ સ્થળની મુલાકાત લેતા મંત્રી ગણપતસિંહ વસાવા

વડાપ્રધાન મોદીને સત્કારવા માટે નવસારી જિલ્લાના લોકોમાં ઉત્સાહ

નવસારી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા.૩૦ મી જાન્યુઆરીના રોજ ઐતિહાસિક દાંડી ખાતે રાષ્ટ્રીય નમક સ્મારકને રાષ્ટ્રને સમર્પિત થનાર છે, ત્યારે પ્રધાનમંત્રીશ્રીની સુરક્ષા વ્યવસ્થા અને કાર્યક્રમના સુચારૂ આયોજનને ધ્યાને લઈને ગુજરાતના વન અને પર્યાવરણ અને નવસારી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ દાંડી ખાતે નવસારી જિલ્લાના ઉચ્ચઅધિકારીઓ સાથે સુરક્ષા અને આયોજન અંગે સમિક્ષા બેઠક યોજી હતી.

માધ્યમો સાથેની વાતચિતમાં રાજય મંત્રીશ્રી વસાવાએ જણાવ્યું હતું કે રૂા.૧૧૦ કરોડથી વધુ ખર્ચે તૈયાર થયેલા સ્મારકમાં સત્યાગ્રહીઓ અને આઝાદીના જંગમાં ભાગીદાર થનારાઓની સ્મૃતિઓ જીવંત સ્વરૂપે જોવા મળશે.માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું પુ. મહાત્માને સાચી શ્રધ્ધાંજલિ આપવાનું સપનું સાકાર થઇ રહયું છે ત્યારે નવસારીની એક વૈશ્વિક ઓળખ વિશ્વના નકશા પર અંકિત થશે.આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીને સાંભળવા માટે વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી પડે તેવી શક્યતાઓ જણાઈ રહી છે, ત્યારે વાતાવરણને ધ્યાને રાખીને વિશાળ ડોમની સાથે કાર્યક્રમમાં આવનાર જનમેદનીને કોઈપણ જાતની અગવડતા ન પડે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

મંત્રીશ્રીઓ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સંદર્ભે ચાલતી તડામાર તૈયારોઓનુંનિરીક્ષણ કરી વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. આ તકે પ્રધાનમંત્રીશ્રીની સુરક્ષાને ધ્યાને લઈને કાયદો – વ્યવસ્થાની સાથે કાર્યક્રમને અનુલક્ષીને ઉભી કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.

મંત્રીશ્રીએ હેલીપેડ, પ્રાર્થનાસભા, સૈફી વિલા, રાષ્ટ્રીય નમક સ્મારકતથા સભા સ્થળે ઉભી કરવામાં આવેલ વ્યવસ્થાઓની સાથે મિડીયા ગેલેરી – મિડીયા લોંજ, વી.આઈ.પી. અને વી.વી.આઈ.પી. બેઠક વ્યવસ્થા ઉપરાંત આ કાર્યક્રમમાં આવનાર જનમેદની માટેની પીવાના પાણી – આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓની ઉપલબ્ધતા બાબતે પણ પૃચ્છા કરી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો.એમ.ડી. મોડીયાએ કાર્યક્રમ સંદર્ભે જિલ્લા પ્રશાસાન દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો આપતા જણાવ્યું હતું કે, વિશાળ જનમેદનીમાં કોઈ અવ્યવસ્થા ના સર્જાય તે હેતુથી સમગ્ર સ્થળે વિશાળ પાર્કિંગ પ્લોટ, જાહેર રસ્તાઓ અને આસપાસના વિસ્તારો ઉપરાંત કાર્યક્રમના સ્થળે સભા મંડપ ઉભા કરવામાં આવ્યા છે. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડયાએ કાર્યક્રમના સ્થળે કરવામાં આવેલ સુરક્ષાની બાબતો જેવી કે, પાર્કિંગ વ્યવસ્થા, ટ્રાફીક નિયમન વ્યવસ્થા, એન્ટ્રી ગેટસહિતની સુરક્ષાની સઘન વ્યવસ્થાથી મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાને અવગત કર્યા હતા. આ પ્રસંગે સાંસદશ્રી સી.આર. પાટીલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી. ગોહિલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અમિતાબેન પટેલ,નાયબ મુખ્ય દંડકશ્રી આર.સી. પટેલ, ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ, નિવાસી અધિક કલેકટરશ્રી કે.જી. રાઠોડ સહિતના અધિકારીશ્રીઓ, જિલ્લાના આગેવાનો, વિવિધ સંસ્થાનના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૩જી ફેબ્રુઆરીએ વલસાડ ખાતે યોજનાકીય માર્ગદર્શન સેમિનાર યોજાશે

વલસાડ

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ વર્ષ ઉજવણી નિમિત્તે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તેમજ અન્ય પછાતવર્ગના લોકોને સરકારશ્રીની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવા સમાજ કલ્યાણ શાખા જિલ્લા પંચાયત, વલસાડ દ્વારા આયોજિત યોજનાકીય સેમીનાર રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમારની અધ્યક્ષતામાં તા.૦૩/૦૨/૨૦૧૯ના રોજ ડો.આંબેડકર ભવન, જિલ્લા પંચાયત પાસે, વલસાડ ખાતે યોજાશે. આ સમારંભના ઉદ્ ઘાટક તરીકે વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રીશ્રી રમણલાલ પાટકર, અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મણીલાલ પટેલ, સાંસદ ડી.કે.સી.પટેલ, ધારાસભ્ય સર્વશ્રી કનુભાઇ દેસાઇ, ભરતભાઇ પટેલ, અરવિંદભાઇ પટેલ, જીતુભાઇ ચૌધરી, નગરપાલિકા પ્રમુખશ્રી પંકજભાઇ આહિર અને તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રિયંકાબેન પટેલ હાજર રહેશે. આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી જે.કે.ચાવડા, જિલ્લા સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રી ઝીણાભાઇ પવાર તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવાંગભાઇ દેસાઇ દ્વારા નિમંત્રણ પાઠવ્યું છે.

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી,લોકદ્રષ્ટિ ચક્ષુબેંક તથા સક્ષમ સુરતની જાગૃતિથી ચક્ષુદાન અને દેહદાન મળેલ

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને લોકદ્રષ્ટિ ચક્ષુબેંક તથા સક્ષમ સુરતની જાગૃતિથી આજ રોજ ભરતભાઈ ગોકળભાઈ રાદડિયા ,ઉ.વર્ષ ૬૮ -, ગામ -ધોરાજી, જી.- રાજકોટ જે હાલ ૫૪, શિવશક્તિ રો હાઉસ, સુરત. નિવાસ્થાને નિધન થયું . સ્વ.ભરતભાઈના પત્ની ગં.સ્વ.જયાબેન ભરતભાઈ રાદડિયા જેમના પુત્ર શ્રી પ્રદીપ ભરતભાઈ રાદડિયા, શ્રી રાજુ ભરતભાઈ રાદડિયા તેમજ તેમના પરિવાર ના



સહયોગથી લોકદ્રષ્ટિ ચક્ષુબેંક અને રેડક્રોસ બ્લડ બેંકના પ્રમુખ એવા ડો .પ્રફુલભાઈ શિરોયા દ્વારા દેહદાન મેળવ્યું હતું .સ્વ.ભરતભાઈના ભત્રીજી ડોક્ટર હોય તેમની પાસેથી દેહદાન કરવાની પ્રેરણા મળેલ તેમજ તેમના મોટા ભાઈ સ્વ.પ્રવીણભાઈ ગોકળભાઈ રાદડિયા નું પણ દેહદાન કરેલ.

આ દેહને અગ્નિ સંસ્કાર આપી પંચમહાભૂત માં વિલિન કરવા કરતા મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દેહની આંતરિક રચના શીખે તેવા શુભ આશય સાથે ભરતભાઈ ના દેહનું દાન કરવામાં આવ્યું આ દેહદાન મેળવવા માટે ડો.નેહા પેથાણી, ડો.દિલીપ ઢોલરીયા, ડો.ભાવેશભાઈ શિંગાળાએ સેવા આપેલ અને શ્રદ્ધાંજલિ પાઠવેલ.

For ALL SEASONS & ALL OCCASIONS

Treat Resort SILVASSA

24 acres of sheer luxury

Treat Water Park

A mind-blowing leisure spot

- 24 Acres Landscaped Gardens
- 194 Luxurious Rooms • Water Park
- Colorful Fountains • Wellness Spa
- Cricket/ Football Indoor Games
- Entertainment Programs
- 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.

: SURAT :

0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS

+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન

શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો

''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

યુવાધન મરી રહ્યું છે, દંભી દારૂબંધી હટાવી લેવી જોઈએઃ ભાજપા પૂર્વ મંત્રી

ભરૂચ

ભાજપના પૂર્વ મંત્રીએ દારૂબંધી હટાવી લેવા અંગેનું નિવેદન આપ્યું છે. આ પૂર્વ મંત્રીને હાલ બીજેપીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે વિધાનસભાની ચૂંટણી દરમિયાન ખુમાનસિંહ વાંસીયાએ અપક્ષ ઉમેદવારી કરતા તેમને બીજેપીના સભ્યપદેથી હટાવી દેવામાં આવ્યા હતા. ખુમાનસિંહ વાંસીયાનો દાવો છે કે કેમિકલ યુક્ત ખરાબ દારૂને કારણે ગુજરાતનું યુવાધન મરી રહ્યું છે. આ માટે જ ગુજરાતમાં દારૂબંધી હટાવી લેવી જોઈએ.

×મહાત્મા ગાંધી, મોરારજી દેસાઈ કે ગુજરાત સરકારની દારૂબંધી પાછળનો તર્ક એવો છે કે આપણા યુવાધનને દારૂમાં બરબાદ થતું અટકાવવું. પરંતુ છેલ્લા ૫૦ વર્ષમાં ગુજરાતમાં દારૂબંધીનો અમલ યોગ્ય રીતે થયો નથી. આપણા દેશની સૌથી મોટી મુળી યુવાધાન છે. દેશમાં ૬૫ ટકા લોકો યુવાઓ છે. રાજ્યમાં ૨૦થી ૩૦ વર્ષની વયે અનેક બહેનો વિધવા થયાના હજારો દાખલા સામે આવ્યા છે. અનેક ગામો એવા છે જ્યાં ૫૦ ટકા વિધવા બહેનો યુવાન છે. દારૂબંધીને કારણે આ બહેનો વિધવા બને છે.×

×ગુજરાતમાં દારૂનો છાનોછૂપો લઘુઉદ્યોગ ચાલે છે. રાજકીય ઓથાર હેઠળ તેમજ પોલીસની રહેમનજરે આ ઉદ્યોગ ચાલી રહ્યો છે. જેના કારણે આપણે ત્યાં બેટરીના સેલ અને કેમિકલનો દારૂ બને છે. દારૂ બનાવતી વખતે તેની અંદર પેશાબ કરતા લોકો પણ હોય છે. સમગ્ર ગુજરાતમાંથી દારૂબંધી હટાવી લેવી જોઈએ. ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ આપવી હોય તો પોરબંદરમાં ગાંધીજીના મહોલ્લા પૂરતી દારૂબંધી રાખવી જોઈએ. ગાંધીજીનો જન્મ ગુજરાતમાં થયો હોવાથી અહીં દારૂબંધી છે, પરંતુ ગાંધીજી તો આખા રાષ્ટ્રના પિતા છે, તો આખા દેશમાં દારૂબંધી કેમ નથી? હું એવી દલીલ નથી કરી રહ્યો કે દારૂબંધીને કારણે આપણી કરોડોની ટેક્સની આવક જતી રહે છે. મારી દલીલ એટલી છે કે જો દારૂબંધીને કારણે આપણું યુવાધાન ખતમ થઈ રહ્યું હોય તે તેને હટાવી દેવી જોઈએ.

ભરૂચમાં લગ્નમાં ગયેલા પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડ સહિત સોના ચાંદીની લઈને પલાયન



ભરૂચમાં લગ્નની મોસમ પુરજોશમાં ચાલી રહી હોય તેનો લાભ ઉઠાવી ઘરફોડ ચોરીના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે.જેમાં લિંક રોડ પરની એક સોસાયટીમાં લગ્ન મહાલવા ગયેલ પરિવારના ઘરને નિશાન બનાવી તસ્કરોએ રસોડાના દરવાજેથી ઘરમાં ઘૂસી ઘરમાં રહેલ રોકડ તથા સોનાની ચોરી કરી પલાયન થયની પોલીસ ફરિયાદ મકાન માલિકે નોંધાવા કવાયત હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ભરૂચ શહેરના એ-ડિવિઝન પોલીસ મથકની હદમાં આવેલ લિંક રોડ પાસેની શુભમ સોસાયટીમાં બંગલા નંબર એચ-૨૦ માં રહેતા દિનેશ અણખીવાલા કોઈ સ્નેહી ના લગ્ન પતાવી રાતે ૩ વાગે પોતાના ઘરે પરત આવ્યા હતા. દરમિયાન તેમણે તેમના રસોડાનો દરવજો તુટેલ હાલતમાં જોયો હતો.જ્યાં તપાસ કરતા ઘરનો સામાન વિખરાયોલો જોઈ તેમને ચોરી થયાનો અંદાજ આવ્યો હતો.દિનેશ અણખીવાલાના જણાવ્યાનુસાર તેઓ લગ્નમાંથી પરત ફર્યા ત્યારે તેમણે તેમના ઘરના રસોડાનો દરવાજો તુટેલ અને ઘરનો સામાન વિખરાયેલો જોયો હતો.જેથી ચોરી થયાનું માલુમ પડતા તેમણે ઘરમાં તપાસતા કોઈ ચોર ઇસમો દ્વારા તેમના ઘરમાં મુકેલા આશરે રોકડા રૂપિયા ૫૦,૦૦૦/-,ઘરમાં રહેલ ૧૦ગ્રામ જેટલું સોનું ચાંદીના દાગીના તેમજ અગત્યના દસ્તાવેજો અને પાસપોર્ટ મુકેલ થેલીની ચોરી થઈ હોવાનુ હાલ જણાય આવે છે.જે બાબતે અમોએ પોલીસ ફરીયાદ કરવા તજવીજ હાથધરી છે.

ટેમ્પો ચાલકને બચાવવામાં ૧૦૮ની એમ્બ્યુલન્સને નડ્યો અકસ્માત, ૪ ઈજાગ્રસ્ત

ભરૂચ

ભરૂચ નજીક આવેલા નેશનલ હાઈવે ૪૮ પર અકસ્માત સમયે બચાવ કામગીરી કરી રહેલી ૧૦૮ની એમ્બ્યુલન્સને જ અકસ્માત નડ્યો છે. આ ઘટનામાં ઘાયલ થયેલા ૧૦૮ના એક કર્મચારીને સારવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ મામલે મળતી માહિતી અનુસાર, વાત કરવામાં આવે તો ભરૂચના વરેડિયા નજીક આવેલા નેશનલ હાઈવે ૪૮ પર વહેલી સવારે એક ટ્રકનો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટેમ્પોની કેબિનમાં ટ્રક ચાલક ફસાઈ ગયો હતો.

ઘટનાની જાણ ૧૦૮ની ટીમને થતા ગણતરીના સમયમાં ૧૦૮ ઘટના સ્થળે પહોંચી હતી અને ટેમ્પો ચાલકને ટેમ્પામાંથી બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. જે સમયે ૧૦૮ના ૪ કર્મચારીઓ બચાવ કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન અકસ્માત થયેલા વાહન સાથે બીજો ટેમ્પો અથડાયો હતો. જેના કારણે બચાવ કામગીરી કરી રહેલા ૧૦૮ના ૪ કર્મચારીઓ ફંગોળાયા હતા.

આ ઘટનામાં ૧૦૮ના એક કર્મચારીને હાથના ભાગે ઈજા થઈ હતી. આ કારણે તેને સરવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાના પગલે હાઈવે પર થોડીવાર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. આ કારણે સ્થાનિક પોલીસે સ્થળે પહોંચીને ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને આ અકસ્માત કોની બેદરકારીના કારણે થયો છે, તે જાણવા પોલીસે કામગીરી શરૂ કરી હતી.

જામનગર 'એ' ડીવી. પો.સ્ટે.ના ૫૦૫ ના ગુનામા સને ૨૦૧૨ થી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ ના માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં તથા બહારના જીલ્લાઓમાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી પોસઈ એ.એસ.ચૌહાણ નાઓની સુચના થી પેરોલ સ્કોડના પો.માણસો આવા ગુનેગારો શોધી કાઢવા ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે જામનગર શહેર 'એ' ડીવી. પો.સ્ટે. ગુરનં. ? ૮૦૭/૨૦૧૨ ૧૧૦૩૫ ક. ૨૦(બી), ૨૯(૧) મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે રાજન અબ્દુલ હક પઠાણ ઉ.વ. ૩૦ રહે. જુની આર.ટી.ઓ.ઓફિસ સામે કાળી તલાવડી ભરૂચનાને ભરૂચ ખાતેથી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચની ટીમે ઝડપી પાડી,કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે આરોપીને ભરૂચ શહેર 'બી' ડીવી. પો.સ્ટે.ને સોંપવામાં આવેલ છે.

નરેગાના કામ બાબતે કેમ અરજી કરી તેમ કહી સરપંચ સહીત અન્ય લોકોએ માજી સરપંચને માર માર્યો

ડેડીયાપાડા તાલુકાના ભાટપુર ગામના સરપંચ અને માજી સરપંચ વચ્ચે નરેગા ના કામ બાબતે માથાકૂટ બાદ ફરિયાદ

રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ભાટપુર ગામના માજી સરપંચ ભાવેશભાઈ રામસીંગભાઈ વસાવાએ આપેલી ફરિયાદ મુજબ તે અને તેમનો પરિવાર ગામમાં લગ્ન હોય લગ્નમાં જતા હતા એ સમયે ગામના હાલના સરપંચ મનહરભાઈ પુનાભાઈ વસાવા, હસમુખભાઈ પૂનાભાઈ વસાવા,નરેશભાઈ પૂનાભાઈ વસાવા,દીલીપભાઈ છીતુભાઈ વસાવા અને ભાવેશભાઈ ઈશ્વરભાઈ વસાવા તમામ રહે. મોટાભાટપુર તા.દેડીયાપાડા એ એક સંપ થઈ ગેર કાયદેસર મંડળી રચી ભાવેશભાઈને કહેવા લાગેલ કે સરપંચ મનહરભાઈ પુનાભાઈ વસાવાની વિરુધ્ધમા નરેગાના કામો બાબતે કેમ અરજી કરેલી તેમ જણાવી અરજીની અદાવત રાખી ગમેતેમ ગાળો બોલી ભાવેશભાઈને ઢીકાપાટુનો માર મારી મુઢ ઈજાઓ પહોંચાડી ગુનો કરતા આ બાબતે ડેડીયાપાડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુરત-કડોદરા જંકશન પર અન્ડર પાસ સાકાર કરાશે

સુરત - ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારને ગુજરાત રાજ્ય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે માર્ગ અને મકાન રાજ્ય વિભાગ દ્વારા સુરત કડોદરા રોડ પર કડોદરાને ને.હા.નં.૪૮ જંકશન પર અન્ડર પાસનું બાંધકામના કામને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. જે અંદાજે રૂા.૧૧ કરોડના ખર્ચે બનશે અને તેની આગળની પ્રક્રિયા હાથ ધરવા માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરને સૂચના આપવામાં આવેલ છે.











